કિંમત ₹ ૫

# શ્રી સ્વામિનારાયણ

માસિક

પ્રકાશન દર માસની ૧૧ તારીખે ● સળંગ અંક : ૧૩૦ ● ફેબ્રુઆરી, ૨૦૧૮



## મૂળી
## વસંત પંચમી સમૈયો

પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧






પ.પૂ.આચાર્ય મહારાજશ્રીની નિશ્રામાં ટોરડામાં સ.ગુ.ગોપાળાનંદ સ્વામી જન્મ સ્થાન ઉદ્‌ઘાટન મહોત્સવ





પ.પૂ.લાલજી મહારાજશ્રીની નિશ્રામાં શ્રી નરનારાયણદેવના પૂજારી અ.નિ.બ્ર. સ્વામી રાજેશ્વરાનંદજીની ગુણાનુંવાદ સભા



# શ્રી સ્વામિનારાયણ


શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

વર્ષ - ૧૧ ● અંક : ૧૩૦

ફેબ્રુઆરી-૨૦૧૮

(મૂળ વર્ષ ૪૯)





**સંસ્થાપક**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૮૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭
મો. : ૯૮૭૯૫ ૪૯૫૯૭
પ.પૂ. મોટા મહારાજશ્રીના સંપર્ક માટે
ફોન : ૨૭૪૯૯૫૯૭
**www.swaminarayanmuseum.com**
**ફોન**
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ**
**પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮**
**શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની**
**આજ્ઞાથી**
તંત્રી શ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી)

**પત્રવ્યવહાર**

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦
ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
**Mo. : 9099098969**
**www.swaminarayan.info**
**www.swaminarayan.in**

એડ્રેસમાં ફેરફાર કરવા
**E-mail : manishnvora@yahoo.co.in**



**લવાજમ** - વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦


## અ નુ ક્ર મ ણિ કા


| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૪ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૫ |
| ૦૩. | ગંગાજીની કથા | ૦૬ |
| ૦૪. | ભક્તિધર્મના પુત્રને શરણે | ૦૮ |
| ૦૫. | ખપ, ખટકો અને ખમીર રાખવું. પ.પૂ. મોટા મહારાજશ્રી | ૧૧ |
| ૦૬. | ધર્મકુળને આશ્રિત એવો ભગવાનનો ભક્ત અક્ષરધામમાં જાય છે | ૧૨ |
| ૦૭. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી | ૧૩ |
| ૦૮. | સત્સંગ બાલવાટિકા | ૧૫ |
| ૦૯. | ભક્તિ સુધા | ૧૭ |
| ૧૦. | પ્રશ્નપેટી | ૨૬ |
| ૧૧. | સત્સંગ સમાચાર | ૨૭ |

# अस्मदीयम्

...... પછી શ્રીજી મહારાજ બોલ્યા જે એ અમારી આજ્ઞા છે જે, હરિભક્ત માત્રને શ્રી નરનારાયણની મૂર્તિ કાગળમાં લખાવી દઈશું, તે પૂજજ્યો, અને એ પૂજા સર્વે શાસ્ત્રે કરીને પ્રમાણ છે... તે અમારી આજ્ઞાએ કરીને તમે સર્વે નરનારાયણની પૂજા રાખશો તો, અમારે અને નરનારાયણને તો સુધો મન-મેળાપ છે, તે અમે નરનારાયણને કહીશું, જે હે મહારાજ, જે પંચવર્તમાનમાં રહીને અમારી આપેલ જે તમારી મૂર્તિ તેને પૂજે, તેમાં તમે અખંડ વાસ કરીને રહેજો.... તમે સર્વે એમ નિશ્ચે જાણજો જે, એ મૂર્તિ તે શ્રી નરનારાયણદેવ પંડેજ છે, એવું જાણીને કોઈ દહાડો મૂર્તિ અપૂજ રહેવા દેશોમાં..... (ગ.પ્ર.પ્ર.-૪૮)

...... માટે આ સંસારમાં દંઢ બ્રહ્મચર્યવાળા તો એક નરનારાયણઋષિ છે, અને તે નરનારાયણનો આપણે આશ્રાય છે, તેના પ્રતાપ થકી ધીરે ધીરે તે નરનારાયણનું ભજન કરીને, આપણે પણ એ સરખાજ નિષ્કામી થઈશું.....(ગ.પ્ર.પ્ર.-૭૩)

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવના ૧૯૬ માં મહાપાટોત્સવ પ્રસંગે ઉપરોક્ત વચનામૃતનું નિત્યે પાન કરવું. આ સ્વયં સર્વોપરી શ્રીહરિના અમૃત વચનો છે જે આપણા માટે સર્વોપરી વચન કહેવાય. માટે જેનું નિત્ય અનુસંધાન રાખવું. તેમાં જ આપણું શ્રેય, કલ્યાણ અને મંગળ થાય છે.


શ્રી નરનારાયણદેવ સમક્ષ જે કોઈ ભક્ત કે મુમુક્ષુ જીવ શ્રધ્ધા અને પ્રેમ પૂર્વક દર્શન કરી જે કંઈ શુભ મનોરથ સંકલ્પ કરશે તે શ્રી નરનારાયણદેવ અવશ્ય પૂર્ણ કરશે.



તંત્રીશ્રી (મહંત સ્વામી)
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના
જયશ્રી સ્વામિનારાયણ

# પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(જાન્યુઆરી-૨૦૧૮)




| | |
|---|---|
| ૩૦થી ૨ | શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ પધરામણી ત્યાંથી માંડવી-કચ્છ કન્યા છાત્રાલયના ઉદ્‌ઘાટન પ્રસંગે પધરામણી. |
| ૫ | શ્રી સ્વામિનારાયણ મંદિર સમૌ કથા પાટોત્સવ પ્રસંગે પધરામણી. |
| ૬ | ઘનશ્યામનગર (નવા ધનાળા-મૂળી દેશ) શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ પ્રસંગે પધરામણી. |
| ૯ | શ્રી સ્વામિનારાયણ મંદિર ભીમપુરા પાટોત્સવ પ્રસંગે, શ્રી સ્વામિનારાયણ મંદિર બાપુપુરા નૂતન મંદિર ખાતમુહૂર્ત પ્રસંગે પધરામણી. |
| ૧૦થી ૧૮ | ઓસ્ટ્રેલીયા સીડની ધર્મપ્રચારાર્થે પધરામણી. |
| ૨૧ | શ્રી સ્વામિનારાયણ મંદિર ટોરડા મૂ.અ.પૂ.સ.ગુ. ગોપાળાનંદ સ્વામી જન્મ સ્થાન ભૂમિ ઉદ્‌ઘાટન પ્રસંગે પધરામણી. |
| ૨૨ | શ્રી સ્વામિનારાયણ મંદિર મૂળી વસંત પંચમી સમૈયા પ્રસંગે પધરામણી. |
| ૨૮ | શ્રી સ્વામિનારાયણ મંદિર અલીણા (કઠલાલ) નૂતન મંદિર ખાત મુહૂર્ત પ્રસંગે પધરામણી. |
| ૨૯ | શ્રી સ્વામિનારાયણ મંદિર બોરણા (મૂળીદેશ તા. લીંબડી) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી. |
| ૩૦ | શ્રી સ્વામિનારાયણ મંદિર અંજલી (વાસણા) પાટોત્સવ પ્રસંગે પધરામણી ત્યાંથી શ્રી સ્વામિનારાયણ મંદિર જામફળવાડી મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી. |
| ૩૧ થી ૯ ફેબ્રુ. | અમેરિકા જર્યોજીયા ટીફોન શ્રી સ્વામિનારાયણ મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી. |

## પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(જાન્યુઆરી-૨૦૧૮)

| | |
|---|---|
| ૨૨ | શ્રી સ્વામિનારાયણ મંદિર મૂળી વસંત પંચમી સમૈયા પ્રસંગે પધરામણી. |



# ગંગાજીની કથા

- સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)

હિમાલય પર્વતરાજને એકસો પુત્ર અને નવ પુત્રીયોનો પરિવાર હતો. તેમાં સર્વથી મોટી પુત્રીનું નામ 'ગંગા' હતું. બીજી પુત્રી રૂપે દક્ષ મહારાજાના યજ્ઞમાં દેહ ત્યાગ કરીને હિમાલયની પુત્રી તરીકે સ્વયં જગદંબા દેવી ''પાર્વતીજી'' પ્રગટ થયા.

ગંગાદેવીએ એકવાર નારદજીના મુખે શિવચરિત્રની કથા સાંભળી, તે દિવસથી દેવીને શિવજીને વરવાના કોડ જાગ્યા. ભગવાન ભોળાનાથને પ્રસન્ન કરવા ગંગાદેવી ઘોર તપસ્યા કરવા બેઠી. અડગ વ્રત ધારણ કરીને કઠીન તપ કરી રહેલી ગંગાને જોઈને પાર્વતીજી પણ શિવજીને પતિ કરવા માટે ''કોટી જન્મ લગી ગરડ હમારી વરવુ શંભુ અરુ રહુ કુમારી.'' એવી દ્રઢ પ્રતિજ્ઞા લઈને તપ કરે છે. તેવામાં ગંગા અને પાર્વતીને નારદે બન્નેને એક જ પતિ માટેનો દ્રઢ સંકલ્પની જાણ કરી. તે દિવસથી બન્ને બહેનોમાં પરસ્પર ઈર્ષ્યાનો જન્મ થયો. પોતાની સાધના સફળ થાય અને બહેનની સાધનામાં વિઘ્નો આવે એવા વિચારો સંકલ્પો કરતાં પાર્વતીજી કોઈપણ ભોગે ભોળાનાથ મને જ પ્રાપ્ત થાય એવી ઈચ્છાથી ગંગાના તપમાં અવરોધ નાથવાના પ્રયત્નો કરવા લાગી.

પાર્વતીદેવીની તપસ્યા પૂર્ણ થઈ ચુકી હતી. ભોળાનાથ સાથે લગ્ન થઈ ચૂક્યા હતાં. ગંગાદેવી ની તપસ્યા પૂર્ણ થઈ ન હતી. ગંગાદેવીની કઠીન તપસ્યા જોઈને દુર્વાસા ઋષિ તેને વરદાન આપવા આવી રહ્યા છે, તેનો સંકેત પાર્વતીને મળતાં ગંગાજી જ્યાં તપ કરે છે તેની આગળ જળ અને કાદવથી રસ્તો ભરી વિઘ્ન નાખવા પ્રયત્ન કર્યો. દુર્વાસાઋષિ પાસે આવી રહ્યાં હતા ત્યાં કાદવમાં લપસી પડ્યા. ક્રોધીત થઈને શાપ આપ્યો કે અરે, ગંગા મારા આવવાના માર્ગ રસ્તામાં જળ નાખીને માર્ગમાં વિઘ્ન કર્યું છે તો તું જળ રૂપ બની જા !!!

તત્કાળ ગંગાદેવી જાગૃત થઈ દુર્વાસાના ચરણમાં પડી, હાથ જોડી પ્રાર્થના કરીને કહ્યું કે હે મહાત્મન હું નિરપરાધી છું. આપે મને નિર્દોષને દંડ કર્યો છે. મેં માર્ગમાં જળ નાખ્યું નથી. દુર્વાસાજીએ ધ્યાનમાં જઈને જોયું તો આ કૃત્ય પાર્વતી દેવીથી થયું છે. એટલે પાર્વતીને શાપ આપ્યો કે તને શિવજી પતિ તરીકે પ્રાપ્ત થયા પરંતુ શિવ થકી ગર્ભ ધારણ નહીં કરી શકે.

નિર્દોષ ગંગાદેવીને વરદાન આપ્યું કે તુ જળરૂપ બનીશ તો પણ ભગવાન ભોળાનાથ તને માનસ પત્ની તરીકે સ્વીકારશે અને જટામાં સ્થાન આપશે અને ગર્ભધારણ કરીશ. પુત્ર થશે અને ત્રિલોકીને પાવન કરનાર થઈશ ત્રિલોકીના તમામ લોકો તારા જળમાં સ્નાન કરી પાપ મુક્ત બનશે. અને ભગવાન ભોળાનાથનો વિયોગ ક્યારે નહિ થાય.

બન્ને દેવીઓને દુર્વાસા મુનિએ શાપ અને આશીર્વાદ આપીને વિદાય લીધી. દુર્વાસાના શાપથી જળ રૂપ થયેલી હિમાલયની પુત્રીને બ્રહ્માજીએ સ્વર્ગમાં કમંડલ પાત્રમાં

સ્થાન આપ્યું. જળરૂપ દેવી શિવજીને પામવા અખંડ શિવસ્મરણ કરતી હતી.

એકવાર સગર રાજાના સાઈઠ હજાર પુત્રોએ અશ્વમેઘ યજ્ઞની બાબતમાં નિર્દોષ કપિલમુનિનો અપરાધ કર્યો અને મુનિના શાપથી સાઈઠ હજાર પુત્રો બળીને ભસ્મ થયા. અશ્વમેઘ યજ્ઞ અધુરો તો રહ્યો પણ સગરનો એક પુત્ર જે યજ્ઞમાં બેઠો હતો તેના બાદ કરતા મૃત્યુ પામેલા પુત્રોની અવગતિ થઈ.

સગર રાજાએ કપિલમુનિની ક્ષમા યાચના કરીને પુત્રોના ઉર્ધ્વગમનનો ઉપાય પૂછ્યો. કપિલમુનિએ ધ્યાનમાં જોઈને કહ્યું કે રાજન્ ! તારા સમસ્ત પુત્રોનું એક સાથે ઉર્ધ્વગમન કરવું હોય તો એક માત્ર ઉપાય છે. જે સ્વર્ગમાં બ્રહ્માજીના કમંડળમાં રહેલી હિમાલય પુત્રી ગંગાદેવી જળરૂપ છે. ભગવાન વિષ્ણુના ચરણનો સ્પર્શ થયેલ છે. તેનું પૃથ્વી પર અવતરણ થાય અને તે ગંગાજળનો તારા પુત્રોના અસ્થિ ભસ્મને સ્પર્શ થાય તો તેઓના પાપ-અપરાધ-દોષ ગંગાદેવીના તપના પ્રભાવથી પાવન પવિત્ર બનીને મુક્તિને પામે. પરંતુ ગંગાદેવીને શિવજીને પ્રાપ્ત કરવાની મનોકામના છે એટલે ભોળાનાથ પ્રસન્ન થાય તો જ શક્ય બને.


સગર રાજા પોતાના પુત્રોના ઉદ્ધાર માટે ગંગાદેવીની અને શિવજીની તપસ્યા કરવા બેસી ગયા. પોતાનું શેષજીવન તપમાં વ્યતિત કર્યું. ત્યારબાદ તેમના પુત્ર ‘‘અસમંજય’’ પણ તપ કરતાં કરતાં જીવન વ્યતિત કર્યું. પણ કામ તો અધુરુ જ રહ્યું.

સગર રાજાની પાંચ પેઢીઓએ શિવજીને અને ગંગાદેવીને પ્રસન્ન કરવા જીવન અર્પણ કર્યું. પાંચમી પેઢીના રાજા ભગીરથ થયા. તેઓ તપ કરવા લાગ્યા ત્યારે ગંગાદેવી અને ભગવાન ભોળાનાથ પ્રગટ થયા અને ભગીરથ રાજા પર પ્રસન્ન થઈને કહ્યું કે છ પેઢીઓની તમારી તપસ્યા પછી અમે પ્રસન્ન થયા છીએ જે મનોકામના હોય તે જણાવો !

રાજા ભગીરથજીએ પ્રાર્થના કરતા કહ્યું હે ભોળાનાથ ! સદાશિવ ! આપ જગતના પતિ છો. અમારા નિર્દોષ પૂર્વજોની અવગતિ થઈ છે. તેનો ઉદ્ધાર કરવા આપ પ્રભુ ગંગાદેવીને ધારણ કરો અને ગંગાના જળપ્રવાહને ધરતી પર પ્રવાહિત કરો એવી અમારા પૂર્વજો અને જગતના કલ્યાણ માટે કૃપા કરો. ત્યારે ભોળાનાથે ગંગાદેવીને જટામાં ધારણ કરીને કૈલાશ પર્વત પરથી ગંગાદેવીનું પૃથ્વી પર આગમન શરૂ થયું. અલકનંદા, મન્દાકીની વગેરે વિવિધ પ્રવાહ માર્ગથી માર્ગમાં આવતા અનંતજીવોને પાવન કરતી ગંગાદેવી ભગવાન વિષ્ણુના ચરણનો સ્પર્શ થયેલ અને

(અનુ. પેજ નં. ૧૦ ઉપર)

# ભક્તિધર્મના પુત્રને શરણે



- શાસ્ત્રી નિર્ગુણદાસ (અમદાવાદ)

॥ वसन्ततिलकावृत्तम् शतानन्दमुनि रचित् ॥

श्रीवासुदेव विमलामृतधामवासं नारायणं नरकतारणनामधेयम् ।
श्यामं सितं दविभुदमेव चतुर्भु च त्वां भक्तिधर्मतनयं शरणं प्रपद्ये ॥१॥
शिक्षार्थमत्र निजभक्तिमतां नराणामेकान्तधर्ममशिलं परिशीलयन्तम् ।
अष्टांगयोगकलनारश्च महाव्रतानि त्वां भक्तिधर्मतनयं शरणं प्रपद्ये ॥२॥
श्वासेन साकमनुलोमविलोभवृत्त्या स्वान्तर्बहिश्च भगवत्युरुधा निजस्य ।
पूरे गतागतजलाम्बुधिनोपमेयं त्वां भक्तिधर्मतनयं शरणं प्रपद्ये ॥३॥
बाह्यान्तरिन्द्रियगणश्वसनाधिदैववृत्त्युद्वस्थितिलयानपि जायमानान ।
स्थित्वा ततः स्वमहसा पृथगीक्षभाजं त्वां भक्तिधर्मतनयं शरणं प्रपदये ॥४॥
मायामयाकृतितमोऽशुभवासनानां कर्तुं निषेधमुरुधा भगवत्स्वरुपे ।
निर्बीजसांख्यमतयोगसुयुक्तिभाजं त्वां भक्तिधर्मतनयं शरणं प्रपदये ॥५॥
दिव्याकृतित्वसुमहस्त्वसुवासनानां सम्यग्विधि प्रथयितुं च पतौ रमायाः ।
सालम्बसांख्यपथयोगसुयुक्तिभाजं त्वां भक्तिधर्मतनयं शरणं प्रपदये ॥६॥
कामार्ततस्करनटव्यसनिद्दविषन्तः स्वस्वार्थसिद्धिमिव चेतसि नित्यमेव ।
नारायणं परमयैव मुदा स्मरन्तं त्वां भक्तिधर्मतनयं शरणं प्रपदये ॥७॥
साध्वीचकोरशलभास्तिमिकालकण्ठकोका निजेष्टविषयेयु यथैव लग्नाः ।
मूर्ति तथा भगवतोऽत्र मुदातिलग्नं त्वां भक्तिधर्मतनयं शरणं प्रपदये ॥८॥
स्नेहास्तुरस्त्वथ भयातुर आमयावीं यद्वत्क्षुधातुरजनश्च विहायमानम् ।
दैन्यं भजेयुरिह सत्सु तथा चरन्तं त्वां भक्तिधर्मतनयं शरणं प्रपदये ॥९॥
धर्मस्थितैरुपगतैर्बृहता निजैक्यं सेव्यो हरिः सितमहः स्थितदिव्यमूर्तिः ।
शब्दाय्यरागिभिरिति स्वमतं वदन्तं त्वां भक्तिधर्मतनयं शरणं प्रपदये ॥१०॥
सद्गन्थनित्यपठनश्रवश्रीदिसक्तं ब्राह्मी च सत्सदसि शासतमत्र विद्याम् ।
संसारजालपतिताखिलजीवबन्धो त्वां भक्तिधर्मतनयं शरणं प्रपदये ॥११॥

इति सत्संगिजीवने धार्मिकस्तोत्रम् । सत्संगिजीवन पंचम् ५ प्रकरण
अध्याय-६६, श्लोक १२ थी

શ્રીમદ્ સત્સંગિજીવનનાં પાંચમાં પ્રકરણમાં સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણે શતાનન્દ મુનિના પ્રશ્નનો ઉત્તર કરવાના નિમિત્તે સમગ્ર જગતને સાંખ્યશાસ્ત્ર અને યોગ શાસ્ત્રનો સત્ય સનાતન સાચો અર્થ સમજાવ્યો તેને સાંભળીને અતિ હર્ષથી ગદ્ગદ્ થયેલા સર્વ સંતો વતી સ્વયં શતાનંદ મુનિ ભગવાનશ્રી સ્વામિનારાયણના ચરણોમાં નમસ્કાર કરીને આ પ્રમાણે સ્તુતિ પ્રાર્થના કરી છે. તે પ્રાર્થના સાંભળીને અતિ પ્રસન્ન થયેલા પરમાત્મા ભગવાન શ્રીહરિએ મન ગમતાં વરદાનો આપેલ છે, અને જે કોઈ આ સ્તોત્ર (અષ્ટક)નો પાઠ કરશે કે ગાન કરશે તેના ઉપર પ્રસન્ન થઈને તેના બધા જ મનોરથો પૂર્ણ કરવાનું વરદાન શ્રીહરિ અવશ્ય આપશે. તો તે સ્તુતિના શબ્દોના અર્થોને કે જેમાં સાંખ્ય શાસ્ત્ર અને યોગશાસ્ત્રના રહસ્યો જે અતિ ગૂઢ છે તેને સરળતાથી અને સંક્ષેપથી સમજવા હોય તો કેવી રીતે સમજી શકાય તે આ સ્તોત્રને હૃદયમાં ધારણ કરવાથી અને તેને નિત્ય ગાવાથી અનાયાસે સમજી શકાય તેમ છે. એવા આ અષ્ટકના શબ્દોને સમજવાનો પ્રયત્ન કરીએ.

श्रीवासुदेव विमलामृतधामवासं नारायणं नरकतारणनामधेयम् ।
श्यामं सितं दविभुदमेव चतुर्भु च त्वां भक्तिधर्मतनयं शरणं प्रपद्ये ॥१॥

હે નારાયણમુનિ અથવા નિર્મલ અક્ષરધામમાં સદા નિવાસ કરનારા હે નરનારાયણ ઋષિ એવા નામ વાળા સર્વત્ર વ્યાપક હોવાથી હે વાસુદેવ ભગવાન આપના સ્વામિનારાયણ નરનારાયણ વિગેરે નામના સ્મરણ કીર્તન માત્રથી નરકનું દુઃખ નાશ પામે છે, મેઘ સમાન શ્યામ શરીર

વાળા ઘનશ્યામ સદા શ્વેત કાન્તિવાળા પણ છો અને આપ જ દ્વિભુજ છો અને આપ જ ચર્તુભુજ પણ આપ જ છો. એવા હે ભક્તિમાતા અને ધર્મપિતાના સુપુત્ર હે શ્રીહરિ હું તમારી શરણાગતિ માગું છું. (૧)

शिक्षार्थमत्र निजभक्तिमतां नराणामेकान्तधर्ममशिलं परिशीलयन्तम् ।
अष्टांगयोगकलनारश्च महाव्रतानि त्वां भक्तिधर्मतनयं शरणं प्रपद्ये ॥२॥

જેના હૃદયમાં સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણની એકાન્તિકી ભક્તિ છે તેવા પોતાના પ્રિય ભક્તોને શિક્ષા આપવા માટે અર્થાત્ સ્વયં આચરણ કરીને શિખામણ આપવા કે જે અક્ષરધામમાં અમારી સાથે રહેવું હશે તો આવી રીતે રહેવું પડશે તેવો પાઠ શીખવવા માટે જ પોતે એકાન્તિક ધર્મનું તથા અષ્ટાંગ યોગનું તથા તેની બધી જ કળાઓ યમ નિયમાદિ આઠ કળા અને નેતિ ધોતી, બસ્તી, કુંજર, કપાલભાતી કુંડલીની શક્તિપાત ત્રાટક આ આઠ ક્રિયાઓને સ્વયં કરે છે અને નૈષ્ઠિકબ્રહ્મચર્ય તથા એકાદશી આદિ ઉપવાસ રૂપ મહાવ્રતોને આજીવન કરે છે. એવા હે ભક્તિમાતા અને ધર્મપિતાના સુપુત્ર હે શ્રીહરિ હું તમારી શરણાગતિ માગું છું. (૨)

श्वासेन साकमनुलोमविलोभवृत्त्या स्वान्तर्बहिश्च भगवत्युरुधा निजस्य ।
पूरे गतागतजलाम्बुधिनोपमेयं त्वां भक्तिधर्मतनयं शरणं प्रपद्ये ॥३॥

કળાઓનું અનુસરણ કરો છો જ્યારે ત્યારે શ્વાસ દેહની અંદર અને અંતરમાં સ્થિર કરો છો ત્યારે જે પ્રતિલોમવૃત્તિથી ભગવાનની મૂર્તિને અંતરમાં ધારો છો અને જ્યારે શ્વાસ બહાર કાઢો છો ત્યારે અનુલોમવૃત્તિથી નેત્ર આગળ બહાર ભગવાનના સ્વરૂપને ધારો છો એવી રીતે મનની વૃત્તિને બેય પ્રકારે ભગવાનના સ્વરૂપમાં અખંડ જોડાયેલી રાખો છો જેમ સાગરમાં ભરતી અને ઓટ આવે છે ત્યારે વેગથી પાણી ચઢે છે. ઓટ આવે ત્યારે પાણી વેગથી પાછુ ફરે છે તેવી જ રીતે મનની વૃત્તિને અનુલોમ વિલોમ બન્નેય ક્રિયામાં સતત ભગવાનના સ્વરૂપમાં રાખો. એવા હે ભક્તિમાતા અને ધર્મપિતાના સુપુત્ર હે શ્રીહરિ હું તમારી શરણાગતિ માગું છું. (૩)

बाह्यान्तरिन्द्रियगणश्वसनाधिदैववृत्त्युद्वस्थितिलयानपि जायमानान ।
स्थित्वा ततः स्वमहसा पृथगीक्षभाजं त्वां भक्तिधर्मतनयं शरणं प्रपद्ये ॥४॥

પાંચ કર્મ ઈન્દ્રિયો અને પાંચ જ્ઞાન ઈન્દ્રિયો આ દશ બ્રાહ્ય ઈન્દ્રિયોનો સમુદાય અને મન બુદ્ધિ ચિત્ત અહંકાર એ ચાર અન્તઃકરણ આંતર ઈન્દ્રિયોના સમૂહને અને પંચ પ્રાણ અને તેના અધિષ્ટાતા દેવતાઓ ગુણ સ્વભાવને અનુસારે ગુણ કાર્યોમાં પ્રવર્તતા તે સર્વની ઉત્પતિ સ્થિતિ અને લયને તેનાથી વિલક્ષણ પણે જુદા રહીને પોતાના પ્રતાપથી સ્વસ્વરૂપથી અલગ પણે જોતા એવા હે ભક્તિમાતા અને ધર્મપિતાના સુપુત્ર હે શ્રીહરિ હું તમારી શરણાગતિ માગું છું. (૪)

मायामयाकृतितमोऽशुभवासनानां कर्तुं निषेधमुरुधा भगवत्स्वरूपे ।
निर्बीजसांख्यमतयोगसुयुक्तिभाजं त्वां भक्तिधर्मतनयं शरणं प्रपदये ॥५॥

પરંબ્રહ્મ પરમાત્માના સ્વરૂપમાં ક્યારેય માયાજન્ય શબ્દાદિક પંચ વિષયો અને વૈભવોના ઉપભોગની કામનાઓ અર્થાત્ અશુભ વાસનાઓ અને તેવી ક્રિયાઓ માયિક આકાર માયાજન્ય હું અને મારૂં રૂપ અજ્ઞાન તેમજ માયિક ગુણે યુક્ત કામના અને ક્રિયાનો સદા નિષેધ સમજાવવા માટે નિર્બજ સાંખ્ય અને નિર્બિજ યોગ મતની યુક્તિઓ એટલે કે તેના રહસ્યને પોતાના જીવનમાં સ્વયં તેના આચરણથી જગતને જ્ઞાન આપતા એવા હે ભક્તિમાતા અને ધર્મપિતાના સુપુત્ર હે શ્રીહરિ હું તમારી શરણાગતિ માગું છું. (૫)

दिव्याकृतित्वसुमहस्त्वसुवासनानां सम्यग्विधि प्रथयितुं च पतौ रमायाः ।
सालम्बसांख्यपथयोगसुयुक्तिभाजं त्वां भक्तिधर्मतनयं शरणं प्रपदये ॥६॥

સર્વવ્યાપક એવા રમાયા પતિ અર્થાત્ લક્ષ્મીપતિ ભગવાન શ્રી વાસુદેવનારાયણનું સ્વરૂપ દિવ્યાકૃતિ છે સર્વોત્કૃષ્ટ તેજસ્વી છે અને સર્વજીવોને માયાના બંધનથી છોડાવીને આત્યન્તિક કલ્યાણ કરવા રૂપ સત્યસંકલ્પ છે અને જેમનામાં દયા અને કૃપા કરવાનો સ્વભાવ સદા છે તે જણાવવા માટે પોતાના સ્વભક્તોએ અર્પણ કરેલ સેવા સદા સ્વીકાર કરે છે તે સ્વભાવને પ્રતિપાદન કરવા માટે સબીજ સાંખ્ય મત અને સબીજ યોગ મતમાં કહેવામાં આવેલી યુક્તિઓ એટલે કે તે તે મતનો સાચો સિદ્ધાન્ત પોતાના જીવન દ્વારા સમજાવતા એવા હે ભક્તિમાતા અને ધર્મપિતાના સુપુત્ર હે શ્રીહરિ હું તમારી શરણાગતિ માગું છું. (૬)

कामार्ततस्करनटव्यसनिद्विषन्तः स्वस्वार्थसिद्धिमिव चेतसि नित्यमेव ।
नारायणं परमयैव मुदा स्मरन्तं त्वां भक्तिधर्मतनयं शरणं प्रपदये ॥७॥

જગતમાં કામી જીવો ચોરી કરવાના સ્વભાવ વાળા નૃત્ય કરનારા નટ વ્યસનોમાં આસક્ત અને દ્વેષ કરનારા હમેશાં જ પોતાના સ્વાર્થની સિદ્ધિ માટે જેમ પોતાના મનમાં અનાયાસે અતિ આનંદથી તે વિષયોનું સ્મરણ કરે છે તેવી જ રીતે પરમ હર્ષ પૂર્વક શ્રીનારાયણના સ્વરૂપમાં સદા જોડાયેલ રહેવા પોતાના ભક્તોને ઉપદેશ આપતા એવા હે ભક્તિમાતા અને ધર્મપિતાના સુપુત્ર હે શ્રીહરિ હું તમારી શરણાગતિ માગું છું. (૭)

साध्वीचकोरशलभास्तिमिकालकण्ठकोका निजेष्टविषयेयु यथैव लग्नाः ।
मूर्ति तथा भगवतोऽत्र मुदातिलग्नं त्वां भक्तिधर्मतनयं शरणं प्रपदये ॥८॥

શ્રેષ્ઠ સ્વભાવ વાળી સતિ સ્ત્રી જેમ પતિવ્રતા ધર્મમાં રહે છે. ચકોર પક્ષી જેમ ચન્દ્રને નિરખ્યા કરે છે. પતંગિયું અગ્નિમાં, માછલું જળમાં, મોર પક્ષી મેઘની ગર્જનામાં, ચક્રવાક પક્ષી ચક્રવીમાં સદા નિમગ્ન રહે છે તેમ પોતાના પ્રિયાતિપ્રિય એવા શ્રી વાસુદેવનારાયણના સ્વરૂપમાં સદા

અંતરના પ્રેમથી હર્ષ પૂર્વક પોતાના ભક્તોને જોડતા એવા હે ભક્તિમાતા અને ધર્મપિતાના સુપુત્ર હે શ્રીહરિ હું તમારી શરણાગતિ માગું છું. (૮)

स्नेहास्तुरस्त्वथ भयातुर आमयावीं यद्वत्क्षुधातुरजनश्च विहायमानम् ।
दैन्यं भजेयुरिह सत्सु तथा चरन्तं त्वां भक्तिधर्मतनयं शरणं प्रपद्ये ।।९।।

સ્નેહાતુર એટલે કે પ્રેમવિહવળપ્રેમી પોતાના પ્રિય પાત્રમાં અને ભયાતુર અતિ ભયભીત જેનાથી ભય ઉત્પન્ન થયો હોય તેમ રોગાતુર અતિ ભયંકર રોગમાં સપડાયેલ તે રોગને મટાડનારમાં અર્થાત વૈદ્ય કે ડૉકટરમાં શ્રુધાતુર અત્યન્ત ભૂખ્યો જે પોતાની ભૂખ અન્ન વિગેરે આપીને દૂર કરે તેમ જે માન મુકીને દિન ભાવે રહે છે તેમ એકાન્તિક એવા ભક્તોએ ભગવાન અને સંતની આગળ રહેવા સમજાવતા એવા હે ભક્તિમાતા અને ધર્મપિતાના સુપુત્ર હે શ્રીહરિ હું તમારી શરણાગતિ માગું છું. (૯)

धर्मस्थितैरुपगतैर्बृहता निजैक्यं सेव्यो हरिः सितमहः स्थितदिव्यमूर्तिः ।
शब्दाय्यरागिभिरिति स्वमतं वदन्तं त्वां भक्तिधर्मतनयं शरणं प्रपद्ये ।।१०।।

સત્શાસ્ત્રોમાં કહેલાં પોતાના વર્ણાશ્રમના ધર્મમાં સુદઢ સ્થિર રહીને અને સ્થુલ સુક્ષ્મ ને કારણ ત્રણ દેહથી વિલક્ષણ એવા બ્રહ્મરૂપ થઈને અર્થાત્ પોતાને એક બ્રહ્મરૂપ અક્ષરમુક્ત સમજીને શબ્દાદિ પંચ વિષયોમાંથી વૈરાગ્ય પ્રાપ્ત કરીને પોતાના પરાત્પર અતિ શ્વેત પ્રકાશપુંજના મધ્યમાં અર્થાત્ અક્ષરધામમાં દિવ્ય સિંહાસન ઉપર વિરાજમાન દિવ્ય સદા સાકાર મૂર્તિ શ્રીહરિને ભક્તોએ સર્વદા સેવવા જોઈએ એવો પોતાનો સિદ્ધાંત સમજાવતા એવા હે ભક્તિમાતા અને ધર્મપિતાના સુપુત્ર હે શ્રીહરિ હું તમારી શરણાગતિ માગું છું. (૧૦)

सद्गन्थनित्यपठनश्रवश्रीदिसक्तं ब्राह्मी च सत्सदसि शासतमत्र विद्याम् ।
संसारजालपतिताखिलजीवबन्धो त्वां भक्तिधर्मतनयं शरणं प्रपद्ये ।।११।।

સત્શાસ્ત્રોનું નિત્ય પ્રતિ વાંચન કરવું તેનું શ્રવણ કરવું અને શાસ્ત્રોમાં કહેલા ઉપદેશમાં સદા વર્તવું એવો બ્રહ્મવિદ્યાનો ઉપદેશ સત્પુરુષોની પરમહંસો અને એકાન્તિક ભક્તોની સભામાં આપતા અને સંસારરૂપી જાળમાં પડેલાં સમગ્ર જીવના એકમાત્ર બંધુ એવા હે ભક્તિમાતા અને ધર્મપિતાના સુપુત્ર હે શ્રીહરિ હું તમારી શરણાગતિ માગું છું. (૧૧)

## અક્ષરવાસ

શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવના પૂજારી બ્રહ્મચારી સ્વામી સ.ગુ. રાજેશ્વરાનંદજી ગુરુ બ્રહ્મચારી સ્વામી હરિપ્રિયાનંદજી મહા સુદ-પ વસંત પંચમી (શિક્ષાપત્રી જયંતી) ને તા. ૨૨-૦૧-૨૦૧૮ સોમવારના શુભ દિને મૂળી ધામમાં સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાનનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે. જેમના અક્ષરવાસથી સમગ્ર શ્રી નરનારાયણદેવ દેશ અને તેમના શિષ્ય મંડળને મોટી ખોટ પડી છે. શ્રીહરિના ચરણોમાં એજ પ્રાર્થના કે તેઓશ્રીને પોતાના નિજ ધામના સુખે સુખીયા રાખે અને તેમના શિષ્ય મંડળને ધૈર્ય અને બળ પ્રેરે.

અનુ. પેજ નં. ૭ નું ચાલું

# ખપ, ખટકો અને ખમીર રાખવું.
# પ.પૂ. મોટા મહારાજશ્રી

- સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી-બાપુનગર)

પ.પૂ. લાલજી મહારાજશ્રીના ૨૦ માં જન્મોત્સવ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ધર્મપ્રચારાર્થે ઓસ્ટ્રેલીયા હોવાથી પ.પૂ. મોટા મહારાજશ્રીએ સભામાં બિરાજી દિવ્ય સુખ આપેલું. સભા સંચાલક શા. સ્વામી ચૈતન્યસ્વરૂપદાસજી પ્રસંગોચિત બોલ્યા કે, ‘મૂડી કરતા વ્યાજ વધુ વહાલું હોય’ એ જગતની કહેવત અનુસાર પ.પૂ. મોટા મહારાજશ્રીએ સભામાં પધારી સૌને સુખ આપ્યું. સ્વામીના આ વાક્યના ઉપલક્ષમાં પ.પૂ. મોટા મહારાજશ્રી બોલ્યા કે,

મારા માટે લાલજી મહારાજશ્રી મૂડી છે. તેમ આપ સૌના માટે આ સંતો મૂડી રૂપે છે. તેઓને સાચવજો. સત્સંગમાં જેઓ ખપ રાખે છે, ગરજુ બને છે, તેઓ સત્સંગમાં ખૂબ આગળ વધી જાય છે. સત્સંગમાં હરિભક્તો સંતોનો ખપ રાખે, સંતો-હરિભક્તો આચાર્યનો ખપ રાખે અને આપણે સૌ નરનારાયણદેવનો ખપ રાખીએ. બીજું, ખટકો, તો શેનો ખટકો ? મહારાજની આજ્ઞા પાળવાનો ખટકો રાખવો. અને ત્રીજું ખમીર, નરનારાયણદેવનું (ગાદી સ્થાન) કોઈ ઘસાતું બોલે તો સાંખી ન લેવું તેનું નામ ખમીર.

મહારાજે જ્યારે દેશ વિભાગ કર્યો ત્યારે રામપ્રતાપજીદાદા થોડા ઉદાસ થયેલા. મહારાજે ઉદાસીનતાનું કારણ પૂછ્યું ત્યારે દાદા કહે, બીજું તો કંઈ નહિ પરંતુ અમદાવાદ દેશમાં કચ્છ, રાજસ્થાન વગેરે સૂકો દેશ વધારે છે જેથી વહીવટ કેવી રીતે ચાલશે ? જ્યારે દક્ષિણ વિભાગમાં હરિયાળી - સમૃદ્ધિ અને સ્વયં લક્ષ્મીજી પણ વડતાલમાં રહ્યા છે. ત્યારે **મહારાજે કહ્યું, અમે તમારી સાથે રહીશું.** આ વાત બહુ પ્રસિદ્ધ છે, સૌ જાણો છો. કોઈ કિવદંતી નથી. શાસ્ત્રોમાં લખાયેલી આ વાત છે. મહારાજનું આ જે વચન છે તે વર્તમાન કાળે આપણે જોઈએ છીએ કે આજે અમદાવાદ દેશમાં સુખ, સમૃદ્ધિ, પ્રગતિ અને શાંતિ છે. કચ્છમાં તો હમણા સુધી કંઈ નહોતું. ત્યાંના સંતોએ હરિભક્તોને વિદેશ જવા પ્રેરણા કરી અને આજે હરિભક્તો ખૂબજ સુખી થયા છે.

મહારાજે અમને પણ આજ્ઞા કરી છે કે સંતોને આદર થકી માનવા. આ દેશમાં સંતોનો પહેલેથી આદર થતો આવ્યો છે. આ વાતને દોહરાવતા પ.પૂ. મોટા મહારાજશ્રીએ પોતાના પિતા અમદાવાદ ગાદીના પાંચમાં આચાર્ય પ.પૂ. દેવેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ બિમાર સંતોની સેવા કર્યાના બે સવિસ્તર સુંદર દાખલા આપ્યા હતા. અને તે સમયે પોતે લાલજી તરીકે હોય એક રમૂજી સંસ્મરણ તાજું કર્યું હતું.

વિદેશમાં પણ આજે સત્સંગના નિયમો કેવા સુંદર પાળવામાં આવે છે તે બાબતની પોતાના જ પરિવારની વાત કરતા પ.પૂ. મોટા મહારાજશ્રીએ કહ્યું કે, અમારા દીકરી બિન્દુરાજા અમેરિકા નિવાસ કરીને રહ્યા છે. તેમના બન્ને પુત્રો (સૌમ્ય અને સુવ્રત) ૧૪ વર્ષની સરખી ઉંમરના, જેઓનો જન્મ પણ ત્યાં જ થયો છે. તેઓને એક છોકરા સાથે મિત્રતા થઈ, મિત્રતા સારી એટલે તે છોકરો બિન્દુરાજાના ઘેર ક્યારેક રાત્રે પણ રોકાઈ જાય. તેમાં એક દિવસ તે પૂજાની પેટી ભૂલીને પોતાના ઘેર જતો રહ્યો. ૧૦-૧૫ દિવસ સુધી પૂજાનું સંભાર્યું નહી. સુવ્રત અને સૌમ્ય તેના મમ્મીને કહે, અમારે આ છોકરા સાથે મિત્રતા રાખવી નથી. કેમ ? **તેમને આટલા દિવસો સુધી પૂજા વિના - ભગવાન વિના ચાલ્યું જ કેમ ? જેઓને ભગવાન સાથે સાચો પ્રેમ ન હોય તેવાની મિત્રતા શું કામની ?** (સત્સંગમાં સૌના માટે આ ખૂબ જ પ્રેરણાત્મક વાત છે.)

આજના દિવસે આપ સૌ મહારાજને પ્રાર્થના કરજો કે, લાલજી મહારાજ સત્સંગમાં એક ઈતિહાસ રચે તેવું ભવિષ્યમાં તેમના દ્વારા કાર્ય થાય. કારણ કે **જેતલપુરની સભામાં (જે.વ.-૫) મહારાજ બોલ્યા હતા ને કે, કાં જે ભગવાનનું કર્યું સર્વે થાય છે. અને આ સમે તો આ સભાનું કર્યું પણ થાય છે.**

# ધર્મકુળને આશ્રિત એવો ભગવાનનો ભક્ત અક્ષરધામમાં જાય છે

- જયંતિભાઈ સોની (મેમનગર-અમદાવાદ)

''ધર્મકુળને આશ્રિત એવો જે ભગવાનનો ભક્ત છે તે ભગવાનની ઈચ્છાએ કરીને બ્રહ્મમય દેહને પામે છે અને દેહને મુકીને ભગવાનના ધામ પ્રત્યે જાય છે.'' (વચનામૃત ગ.પ્ર.પ્ર.-૧)

હવે પ્રશ્ન એ થાય કે જ્યાં ધર્મવંશી આચાર્ય પદ જ ન હોય અને છતા સમાંતર સંપ્રદાય ચલાવતા હોય તેનાં આશ્રિતો કોના ધામમાં જતા હશે?

શિ. શ્લો.-૪૧ : ''ધર્મવંશી ગુરુ થકી શ્રીકૃષ્ણની દીક્ષાને પામ્યો એવો જે બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય એ ત્રણ વર્ણના અમારા સત્સંગી તેમણે કંઠને વિષે તુલસીની બેવડી માળા નિત્યે ધારવી અને લલાટ, હૃદય અને બે હાથ એ ચારે ઠેકાણે ઉર્ધ્વપૂંડ્ર તિલક કરવું. આનો સ્પષ્ટ અર્થ એ થાય છે કે તિલક-ચાંદલો કે કંઠી ધારણ કરવાનો અધિકાર ફક્ત ધર્મવંશી ગુરુ થકી આ દીક્ષા એટલે કે ગુરુમંત્ર લીધા બાદ જ ત્રણે વર્ણને પ્રાપ્ત થાય છે. પણ મૂળ સંપ્રદાયથી છુટા પડી પોતાનો અલગ ચોકો કરી મનમુખી સંપ્રદાય ચલાવનાર સંસ્થાઓના આશ્રિતોને આ સત્સંગનાં ઉપરોક્ત ચિન્હો ધારણ કરવાનો કોઈ અધિકાર જ નથી. કારણ ધર્મવંશી ગુરુ થી જેને છેડો ફાડીને જુદો ચોકો કર્યો છે ત્યાં ધર્મવંશી ગુરુનાં ગુરુમંત્ર મળવાના જ નથી છતા આડંબર કરવા ડોળ કરવા સમાંતર ચિન્હો ધારણ કરી સ્વામિનારાયણનાં કહેવડાવાની જુઠ્ઠી છાપ ઉભી કરે છે. હકીકતમાં સ્વામિનારાયણનાં છે જ નહિ.''

શિ. શ્લો.-૬૨ : ''શ્રીકૃષ્ણનું સ્વરૂપ પોતાને સેવવાને અર્થે ધર્મવંશનાં જે આચાર્ય તેમણે જ આપ્યું હોય અથવા તે આચાર્યે જે સ્વરૂપની પ્રતિષ્ઠા કરી હોય તે જ સ્વરૂપને સેવવું તે વિનાં બીજું જે શ્રીકૃષ્ણનું સ્વરૂપ તે તો નમસ્કાર કરવા યોગ્ય છે પણ સેવવા યોગ્ય નથી.'' હવે જ્યાં ધર્મવંશી આચાર્યથી છુટી પડેલી સંસ્થાના મંદિરોમાં મહારાજની મૂર્તિરૂપી પ્રાણ પ્રતિષ્ઠા વગરની મૂર્તિઓ મંદિરોમાં પધરાવેલ છે. તેવી મૂર્તિનું સેવન નહિ કરવાની શ્રીજીમહારાજની સ્પષ્ટ આજ્ઞા છે. તો શું તે પ્રતિષ્ઠા વગરની મૂર્તિઓ તેમને અક્ષરધામની પ્રાપ્તિ કરાવશે ?''

શિ. શ્લો.-૭૧ : ''અમારા આશ્રિત જે સર્વે સત્સંગી તેમણે પોતાનાં આચાર્ય સંગાથે ક્યારેય પણ વિવાદ ન કરવો અને પોતાના સામર્થ્ય પ્રમાણે પૂજવા.''

હવે જ્યારે ધર્મવંશી આચાર્યને પૂજવાની વાત તો એક બાજુ રાખી ખૂબજ મોટા વિવાદો કરીને મૂળ સંપ્રદાયથી છૂટા પડી પ્રાઈવેટ (પેઢી) સંસ્થા ઉભી કરી હોય તેઓનું શું શ્રીજીમહારાજ કલ્યાણ કરશે ?

શિ. શ્લો.-૧૩૩ : ''અયોધ્યાપ્રસાદજી અને રઘુવીરજી તેનાં પરંપરાના આચાર્યોની ધર્મપત્નીઓ તેમણે પોતપોતાની પતિની આજ્ઞાએ કરીને સ્ત્રીઓને જ શ્રીકૃષ્ણ મંત્રનો ઉપદેશ કરવો.'' આ આજ્ઞાનો પણ સરેઆમ લોપ કરીને જુદી પ્રાઈવેટ સંસ્થાઓ ચલાવે છે તેનાં સ્ત્રી ભક્તોનાં ગુરુ કોણ બનતું હશે ? એટલે કે ત્યાં સ્ત્રી ભક્તો ગુરુમંત્ર કોની પાસેથી લેતા હશે ? ગુરુમંત્ર વિનાની કરેલી સર્વે ભક્તિ નિરર્થક છે. અને નુગરાનું કલ્યાણ પણ મહારાજ કરતા નથી.

શિ. શ્લો.-૧૮૯ : સાધુના વિશેષ ધર્મ, ''દ્રવ્યનો સંગ્રહ પોતે કરવો નહિ, ને કોઈ બીજા પાસે પણ કરાવવો નહિ.''

શ્રીજીમહારાજની બાંધેલી બધીજ ધર્મ મર્યાદા તોડીને પોતાની માલિકીની કરોડો અબજો રૂપિયાની સંસ્થાઓ રૂપિયાનો સંગ્રહ કર્યો કે કોઈ બીજા પાસે કરાવ્યા વિના કઈ રીતે ઉભી થઈ ગઈ ?

શિ. શ્લો.-૨૦૬ : ''અમારા આશ્રિત પુરુષ અને સ્ત્રીઓ તે જે તે આ શિક્ષાપત્રી પ્રમાણે વર્તશે તો તે ધર્મ-અર્થ કામ અને મોક્ષ એ ચારે પુરુષાર્થની સિદ્ધિને નિશ્ચય પામશે.''

શિ. શ્લો.-૨૦૭ : ''જે બાઈ-ભાઈ આ શિક્ષાપત્રી પ્રમાણે નહિ વર્તે, તો તે અમારા સંપ્રદાય થકી બહાર છે.''

હવે સવાલ એ થાય છે કે જ્યાં મોક્ષજ થવાનો નથી કે અક્ષરધામની પ્રાપ્તિ થવાની જ નથી. ઉપરોક્ત મહારાજની આજ્ઞા મુજબ છતાં પણ અબજો રૂપિયાની મિલ્કતોનો જમાવડો કરી સ્વામિનારાયણ સંપ્રદાયના જુઠ્ઠાં બેનર નીચે ભોળા-ભલા આશ્રિતોનું મહાઘોર ખોદવાનું પાપ શું કરવા આચરતા હશે ? ભગવાન સ્વામિનારાયણનું ખોટું નામ વટાવી ખાતા અને પાપનાં મોટા પોટલા બાંધનાર ધર્મવંશી ગુરુથી છુટી પડેલી બધીજ સંસ્થાઓનાં વડાઓ ભેગા થઈ આત્મમંથન કરી તપાસ કરો કે આપણે અહિંયા શું કરવા આવ્યા છીએ અને શું કરી રહ્યા છીએ ? શ્રી સ્વામિનારાયણ ભગવાનને ખરેખરા ઈષ્ટદેવ માનતા હોય તો મહારાજની આજ્ઞામાં રતિભાર પણ ફેર પડવો જોઈએ નહિ. જો કલ્યાણનો ખપ હોય તો સાચું સમજાય. પૂર્વના પુણ્યનાં પ્રતાપે તો સત્વરે ધર્મવંશી ગુરુનું શરણ સ્વીકારી આત્યંતિક કલ્યાણ સાધી લેવું તે જ મનુષ્ય દેહની સાર્થકતા છે. ધર્મવંશી ગુરુના આશરા સિવાય કલ્યાણ અધુરુ છે.

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં દ્વારેથી....

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ



હાલમાં વસંત પંચમી આવી ને ગઈ વસંતને વધાવવાના આ ઉત્સવ પ્રસંગે મ્યુઝિયમની વસંતને પણ અક્ષરધામનું સરનામું બેઠું છે. મ્યુઝિયમની એકવાર મુલાકાત લીધા પછી આપણને વર્ષના બધા દિવસ ઉજવતા આપો આપ આવડી જાય છે. આપણને ખાલી થતા આવડતું નથી. મંદિર કે મ્યુઝિયમમાં આપણને ખાલી થતા આવડી જાય તો જ આપણી અંદર નવું તત્વ ઉમેરાશે. અને તો જ આણામાં વસંત ખીલશે. મ્યુઝિયમમાં આવવાનો આનંદ આપણને જીવનભર યાદ રહી જાય તેવો હોય છે. પણ આપણે નવેસરના આનંદને ઉજવવાના બદલે બન્ને વખતના આનંદની સરખામણીમાં લાગી જઈએ છીએ. અત્યારે મળતા આનંદને ગત વર્ષના આનંદની સાથે સરખામણી કરી આપણી જાતે જ નિરસ બનાવીએ છીએ. આપણી મુલાકાતને વર્ષોવર્ષ તરો તાજા રાખવા અંદર દર્શનાર્થે મુકવામાં આવેલ વસ્તુઓના માહાત્મ્ય સહિત યાદ રાખીશુ તો જ ખરો આનંદ મળશે - ટકશે. જેમકે આ નાનું સરખું ટેબલ શ્રી નરનારાયણદેવની પ્રતિષ્ઠા સમયે કાલુપુર મંદિરમાં રાખવામાં આવેલ અને યજ્ઞની તમામ વસ્તુ તેની પરથી લઈ શ્રીજી મહારાજે યજ્ઞમાં આહૂત કરી હતી. આ ટેબલનું સરનામું મ્યુઝિયમના હોલ નંબર - ૧ ભલે હોય પણ તેને આપણે આપણી અંદરની શાંતિનું સરનામું બનાવી શકીયે તોજ મ્યુઝિયમની આપણી મુલાકાત સાર્થક ગણાય.

-પ્રફુલ ખરસાણી

**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વરવાળી કોલરટ્યુન (ફક્ત વોડાફોન ધારકો માટે)**

પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વવચનવાળી કોલરટ્યુન મોબાઈલમાં ડાઉનલોડ કરવા નીચે મુજબ કરવું.
મોબાઈલમાં ct>સ્પેસ> 270930 ટાઈપ કરી. 56789 નંબર પર SMS કરવાથી કોલરટ્યુન શરૂ થશે.

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ભેટ - જાન્યુઆરી-૨૦૧૮

| | |
|---|---|
| રૂા. ૬૫,૦૦૫/- | સમીર કાનુગા |
| રૂા. ૩૨,૫૩૫/- | સુનિલ એસ. પટેલ |
| રૂા. ૩૧,૦૦૦/- | ધર્મપ્રસાદ મણીલાલ શુક્લ - અમદાવાદ - અ.નિ. મણીલાલ લક્ષ્મીશંકર ભાલજા સાહેબની વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે |
| રૂા. ૨૫,૦૦૦/- | ચુનીલાલ દુર્લભજીભાઈ સોની - પલીયડવાળા - રાણીપ - હ.જયેન્દ્રભાઈ તથા પારૂલબેન સોની |
| રૂા. ૧૧,૦૦૦/- | અમૃતવર્ષા મહોત્સવ નિમિત્તે - ગાંધીનગર સે.૨૩ - પ્રેરક : શા. હરિકેશવદાસ સ્વામી |
| રૂા. ૧૧,૦૦૦/- | દરજી જીગર તથા હેમાગીનીના રીંગ સેરેમની નિમિત્તે - સીડની |
| રૂા. ૧૦,૦૦૦/- | સાં.યો.ધર્મિષ્ઠાબેન ગુરુ સાં.યો.કાનબાઈ - બળદીયા-કચ્છ |
| રૂા. ૭,૦૦૦/- | પટેલ સુભદ્રાબેન મગનભાઈ - ડાંગરવા. |
| રૂા. ૭,૦૦૦/- | પટેલ નર્મદાબેન મંગળભાઈ- ડાંગરવા. |
| રૂા. ૭,૦૦૦/- | પટેલ મધુબેન ગોવિંદભાઈ - ડાંગરવા. |
| રૂા. ૫,૦૦૧/- | મંગળાબેન સવજીભાઈ ગજ્જર - ન્યુ રાણીપ |
| રૂા. ૫,૦૦૦/- | મીનાબેન કે. જોષી - બોપલ |
| રૂા. ૫,૦૦૦/- | અ.નિ.લીલાબેન અરવિંદભાઈ પટેલના સ્મરણાર્થે - ઉવારસદ - હ. હિમાંશુ તથા અમિત પટેલ |
| રૂા. ૫,૦૦૦/- | લાલજી શામજી પટેલ - કેરા-ભુજ હા.લંડન |

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ શ્રી નરનારાયણ દેવની મૂર્તિના અભિષેકની યાદી જાન્યુઆરી-૧૮

| | |
|---|---|
| તા. ૦૨ -૧-૧૮ | ઘનશ્યામભાઈ નરોત્તમદાસ પટેલ- દેઉસણાવાળા હા.યુ.એસ.એ. |
| તા. ૦૪ -૧-૧૮ | પ્રહલાદભાઈ વિઠ્ઠલભાઈ પટેલ - યુ.એસ.એ. |
| તા. ૦૯ -૧-૧૮ | પૂ.શા.સ્વામી હરિકેશવદાસજીની પ્રેરણાથી અંજલેશભાઈ યશવંતભાઈ પટેલ - ગાંધીનગર અમૃતવર્ષા મહોત્સવ નિમિત્તે |
| તા. ૧૩ -૧-૧૮ | સોનલ ઉર્વિશભાઈ નરેશભાઈ ભાવસાર - હ. અરવિંદાબેન નરેશભાઈ ભાવસાર - ચાંદલોડીયા |
| તા. ૧૫-૧-૧૮ | ભીમજીભાઈ રાબડીયા - સીડની |
| તા. ૨૬ -૧-૧૮ | ગં.સ્વ.શારદાબેન રમણલાલ ભાવસારના ૭૫ વર્ષ નિમિત્તે હ. પંકજભાઈ તથા રજનીભાઈ તથા દિપકભાઈ - ચાંદલોડીયા |
| તા. ૨૮ -૧-૧૮ | પૂ.ધ્યાન પ્રિયદાસજી સ્વામી તથા ભક્તિ સ્વામીની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર, બાવળા સત્સંગ સમાજ |

**શુભ પ્રસંગે ભેટ આપવા માટે અથવા પોતાના અંગત સંગ્રહ માટે શ્રી નરનારાયણદેવની પ્રતિમાવાળા ૫/૧૦/૨૦ ગ્રામ ચાંદીના સિક્કા મ્યુઝિયમમાં મળશે.**

**સૂચના : શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર પૂનમે પ.પૂ. મોટા મહારાજશ્રી સવારે ૧૧-૩૦ કલાકે આરતી ઉતારશે.**

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.
મ્યુઝિયમ મોબાઈલઃ- ૯૮૭૯૫૪૯૫૯૭, પ.ભ. પરષોત્તમભાઈ - દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬
www.swaminarayanmuseum.org/com ● email: swaminarayanmuseum@gmail.com

# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

### તપનો પ્રભાવ

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

સ્વામિનારાયણ ભગવાનની આજ્ઞાથી મુક્તાનંદ સ્વામી અને એમની સાથે પચાસ સંતો ભાલમાં સત્સંગ કરાવવા ફરતા હતા. એ વખતે ભાલ એવું ગણાતું, જેને શિક્ષા કરવી હોય એને ભાલમા મોકલે. કારણ કે ત્યાં સગવડ નહી. શાકભાજી મળે નહી. પાણીની તકલીફ.

મુક્તાનંદ સ્વામી અને પચાસ સંતો ભાલમાં સત્સંગ કરાવી ગઢપુર તરફ આવવા નીકળ્યા. વચ્ચે એવું કોઈ ગામ આવ્યું જ નહી કે જ્યાં ભિક્ષાની સગવડ થઈ શકે. આખો દિવસ ઉપવાસ થયો. એ આઠમનો દિવસ હતો. નોમના દિવસે પણ એવું જ થયું. આખો દિવસ ઉપવાસ. દશમના દિવસે એક ગામમાં આ પચાસ સંતો આવ્યા. એક બહેન સત્સંગી. મુક્તાનંદ સ્વામી અને સંતો ત્યાં પહોંચ્યા. બહેન રાજી થઈ ગઈ. ખીચડી કરવાનું નક્કી કર્યું. સ્વામીએ કહ્યું, ‘‘કાંઈ પણ કષ્ટ ન લેતાં. ખીચડીમાં ઘી ન નાંખશો અને મીઠું પણ ન નાંખશો.’’

સમાજમાં કોઈ માણસ કામ ન કરતો હોય છતાં ગાડીઓ દોડાવતો હોય તો આપણે શું કહીએ છીએ, ખબર છે ? કે એના બાપદાદા રળીને મુકી ગયા છે તે વાપરે છે. આપણે એવું ક્યું તપ કર્યું છે તે આવી સાનુકુળતામાં જીવીએ છીએ. એનું કારણ આપણા બાપદાદા એટલે કે આ સંતો તપ કરીને, કમાઈને મૂકી ગયા છે. આ સંતોને એ વખેત કડક નિયમો હતા. છ રસ નહીં જમવાના. ખારો, ખાટો, તીખો વગેરે ખટરસનાં વર્તમાન ઘી નહીં, તેલ નહીં, મરચું નહી, મીઠું નહી. મોળું બાફેલું અનાજ જ સ્વીકારવાનું. સ્વામિનારાયણ ભગવાને આવી કડકાઈમાં સંતોને રાખ્યા હતા. એ સંતોના તપથી આપણે બધા સુખી છીએ.

મુક્તાનંદ સ્વામીએ બેનને કહ્યું ખીચડી મુકો પરંતુ તપેલામાં ઘી કે મીઠું ન નાંખશો. આ બેનને વિચાર થયો કે આ તો એક આનંદ અને અહોભાગ્ય છે કે પચાસ સંતો મારે ઘેર આવ્યા. અણધાર્યા, ઓચિંતા અતિથિ બનીને આવ્યા છે. એમને સાવ લુખ્ખી ખીચડી કેમ ખવરાવાય. સંતોએ ભલે ના પાડી પણ આવું ખીચડું બાફીને કંઈ મૂકાય. આ બહેને તપેલું ચડતું હતું એમાં ઘી નાંખી દીધું. ચાલ્યું જશે. સંતો જમી જશે, ખબર નહી પડે. બહુ ભાવથી અને પ્રેમથી ઘી નાંખ્યું.

થાળ થયો. સંતોની પંક્તિ થઈ. ત્યાં ચોખ્ખું ઘી કાંઈ છાનું રહે ! જ્યાં તપેલું આવ્યું ને સુગંધ સુગંધ આવવા માંડી. શુધ્ધી ઘી ની સુગંધ પહેલી આવે, સ્વાદ પછી આવે. શુધ્ધ ઘી અને અંદર ભાવ ભળ્યો હોય. તપેલું ફરવા માંડ્યું. પતરાવળામાં ખીચડી પીરસવા માંડી, સુગંધ આવી શુધ્ધ ઘીની. સંતો કહેવા લાગ્યા, આમાં ઘી નાંખ્યું લાગે છે અને આત્માનંદજી ઉભા થઈ ગયા. પચાસ સંતોમાં એ ભેગા હતા. આત્માનંદજી તો ઉભા થઈ ગયા. ભાઈ નથી ખાવું. મુક્તાનંદ સ્વામી કહે છે - ‘‘હે સંતો ! આપણે એ બહેનને ના પાડી હતી, ઘી ન નાંખતાં છતાં એમણે ભાવથી નાંખ્યું છે. બે દિવસના ઉપવાસ છે. આજે દશમ છે. આવતી કાલે પાછી એકાદશી છે. ગઢડા દૂર છે, આપણે ચાલવાનું છે. મહારાજની આજ્ઞા નથી છતાં આ ખીચડીમાં ઘી છે. તો હું બધાય સંતોને વિનંતી કરૂં છું કે જમી લો. શ્રીજી મહારાજ જે શિક્ષા કરશે એ હું સહન કરીશ. હું ભોગવીશ. બધા સંતો બેસી ગયા. સ્વામીની આજ્ઞા થઈ છે તો જમી લો. આત્માનંદજી ન બેઠા. જે થવું હોય તે થાય. થઈ થઈને શું થશે. ભાલમાં મરી જઈશું. ન ખાધી ખીચડી.

બારસના ગઢડા પહોંચ્યા. બધા સંતો સ્નાનાદિક વિધિ કરી સભામાં આવવા માંડ્યા. મુક્તાનંદ સ્વામી હજુ સભામાં નહોતા પધાર્યા. અને આત્માનંદજીએ તો સુપ્રીમમાં સીધી ફરિયાદ દાખલ કરી. કોના વિરૂદ્ધ જાણો છો ? મુક્તાનંદ સ્વામી વિરૂદ્ધ. શ્રીજીમહારાજને કહે છે, હે પ્રભુ ! તમે મુક્તાનંદજીને બહુ મોટેરા કર્યા છે પણ માથે બેસીને તમારી આજ્ઞા લોપાવે છે. સ્વામિનારાયણ ભગવાન કહે છે, શુ બન્યું ? આ બધી વાત આત્માનંદજીએ કહી. ઘી વાળી ખીચડી ખવરાવી. સ્વામિનારાયણ ભગવાન બોલ્યા, મુક્તાનંદ સ્વામીને

સભામાં આવવા દો. બધાને કુતુહલ થવા લાગ્યું. મહારાજ આજ મુક્તાનંદ સ્વામીને શું શિક્ષા કરશે ! મહારાજ કરતાંય મોટા, વડીલ, કાયમ માટે મહારાજ જેનું માન, આદર જાળવે છે.

મુક્તાનંદ સ્વામી સભામાં આવ્યા. મહારાજે સીધીજ વાત કરી. મુક્તાનંદ સ્વામી ! શું વાત છે ? સ્વામી જાણી ગયા. મહારાજ ! આત્માનંદજીની વાત સાચી છે મેં બધા સંતોને કહ્યું હતું ખીચડી જમી લો. અને બધા જમ્યા. પણ મહારાજ મને દયા આવી ગઈ. ભાલનો સૂકો વિસ્તાર, બબ્બે દિવસના ઉપવાસ. જો આજે ખીચડી જમવાની ના પાડું તો એકાદશીનો પાછો ઉપવાસ અને બહેનને અમે ચોખ્ખી ના પાડી હતી છતાં એણે ભાવથી શ્રધ્ધાથી ઘી નાંખ્યું. આવું બન્યું.

અને શ્રીજી મહારાજ પાટ ઉપરથી ઉભા થયા. બધા ચમકી ગયા. આજ તો સ્વામીનું મોટું અપમાન મહારાજ કરશે. મહારાજ ઉભા થયા અને કંઠમાંથી હાર કાઢ્યો અને મુક્તાનંદ સ્વામીને પહેરાવ્યો અને ભેટ્યા. સ્વામી તમે હતા તો આ પચાસ સંતો જીવતા આવ્યા. આત્માનંદજી હોત તો પચાસને મારીને આવત.

વ્હાલા મિત્રો ! આવા હતા આપણા સંતો, આવું હતું તેમનું તપ અને આવો હતો શ્રી મુક્તાનંદ સ્વામીનો દયાળુ સ્વભાવ અને ભગવાન સાથેની એકતા. શું કરવાથી મારા ઈષ્ટદેવ રાજી થશે એવી મરજી મુક્તાનંદ સ્વામી જાણી લેતા. આવા સંતોના તપ-પુણ્યના પ્રતાપે આજે આ સત્સંગમાં સહુને જયજયકાર છે.

●

## દગો કોઈનો સગો નહિ

- નારાયણ વી. જાની (ગાંધીનગર)

વાત છે વર્ષો પહેલાની. પણ બહુ યાદ રાખવા જેવી ને ઘણું શીખવાડી જાય તેવી આ વાત છે. એક ગામમાં એક ખેડૂત રહેતો હતો. તે બહુ સજ્જન અને પરોપકારી માણસ હતો. તેને પંદરેક દિવસે પોતાના કામકાજ અર્થે બીજા ગામે જવાનું થતું. તે માટે તેણે એક જંગલમાં થઈને પસાર થવું પડતું હતું.

એક દિવસની વાત છે. સવાર પડી. ખેડૂત સ્નાનાદિક વિધિથી પરવારી જંગલના રસ્તે પસાર થઈ રહ્યો છે. રસ્તે ચાલતા ચાલતા કૂવામાંથી બચાવો. બચાવો... નો અવાજ સંભળાયો. ખેડૂત કૂવા પાસે ગયો ને જોયું તો ખબર પડી કે કૂવામાં સાપ, વાંદરો, વાઘ અને માણસ એમ મળી કુલ ચાર જીવો પડી ગયા છે. આગલી રાત્રે અંધારામાં આ અકસ્માત થયો હતો. પરિસ્થિતિ એવી વિકટ થઈ કે આ ચારે જણામાંથી કોઈ કોઈને બચાવી શકે તેવું નહોતું.

ખેડૂત પરોપકારીની સાથે સાથે બાહોશ પણ હતો. તેણે તરત જ વ્યવસ્થા કરી સાપ, વાંદરો અને વાઘ આ ત્રણેને બહાર કાઢ્યા. પછી તેણે માણસને બહાર કાઢવાના પ્રયત્નો ચાલુ કર્યા. તેવા સમયે આ ત્રણે કહેવા લાગ્યા. હે ખેડૂત ! આપનો ખૂબ ખૂબ આભાર. અમે ત્રણે તમે જે અમારા ઉપર ઉપકાર કર્યો છે તેનો બદલો ચોક્કસ વાળી આપશું. પણ તમને એક વિનંતી કરીએ છીએ તમે આ કૂવામાં પડેલા માણસને બહાર કાઢશો નહી. તે માણસ ઉપકાર કરવા લાયક નથી. આ ત્રણેની વાતને અવગણીને પણ દયાભાવથી પ્રેરાઈને ખેડૂતે પેલા માણસને પણ બહાર કાઢ્યો. વાત કરતા ખ્યાલ આવ્યો કે આ માણસ એ ગામનો છે જ્યાં ખેડૂત ઘણીવાર પોતાના કામકાજ અર્થે જાય છે. વાત પતીને સહુ સહુના ઠેકાણે જતા રહ્યાં.

આ વાતને પંદરેક દિવસ થયા હશે ને પેલો ખેડૂત ફરી પોતાના કામકાજ અર્થે નીકળ્યો ને કાયમી રસ્તે જંગલમાંથી પસાર થયો. જે વાઘને બચાવેલો તે સામો મળ્યો. તેણે આ ખેડૂતે કરેલા ઉપકારના વળતર રૂપે થોડા ઘરેણાં આપ્યા. વાઘ ફરજ નિભાવ્યાના આનંદ સાથે ચાલી નીકળ્યો. ખેડૂત જંગલ પસાર કરી ગામમાં ગયો ને કામ પતાવી પરત ફરતો હતો ત્યાં વિચાર આવ્યો કે પેલો માણસ આજ ગામમાં રહે છે તેને મળતો જાઉ. પેલા માણસે આવકાર આપ્યો. બંને બેઠા બેઠા વાતો કરવા લાગ્યા. વાત વાતમાં ખેડૂતે રસ્તામાં વાઘ મળ્યો ને તેણે ઘરેણાં આપ્યા તે વાત પણ આ માણસને કરી. ઘરેણાં જોતા આ માણસને ખબર પડી કે આ ઘરેણાં તો રાજાના કુંવરના છે.

વાત એવી બની હતી કે આ ગામના રાજાનો કુંવર જંગલમાં ગયો હતો ને તે પાછો ફર્યો નહોતો. રાજાએ બાતમી આપનારને મોટું ઈનામ આપવાની જાહેરાત કરી હતી. ઘરેણાં જોતા જ પેલા માણસના અંતર મનમાં સ્વાર્થી વિચાર આવ્યો કે હું આ ખેડૂતને રાજા પાસે પકડાવી દઉં તો

અનુ. પેજ નં. ૨૫ ઉપર

# ॥ ભક્તિસુધા ॥

**(પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી) એકાદશી સત્સંગ સભા પ્રસંગે કાલુપુર મંદિર-હવેલી) "કથા શેના માટે થાય છે ? તો કથાના માધ્યમથી જીવન જીવવાની દિશા મળે છે !"**

(સંકલન : કોટક વર્ષા નટવરલાલ ઘોડાસર)

કથાના માધ્યમથી માનવીને કાંઈક નવું શીખવાનું મળે છે. કથામાંથી માણસ કાંઈક લઈને જાય છે. માણસના જીવનમાં કાંઈક પરિવર્તન આવે અને માણસ પોતાના જીવનને બદલી શકે તેના માટે કથા હોય છે. વર્તમાનમાં સમાજમાં જોઈએ તો માનવીનું જીવન આપણને ત્રણ પ્રકારે જોવા મળે છે. **પાશવી, માનવીય અને દૈવી જીવન. તો પાશવી જીવન** એટલે માણસ અમુક જે ન કરવા જેવા કાર્યો કરે, જાણવા છતા દુરાચાર કરે, ન ખાવા જેવું ખાય, ન જોવા જેવું જુએ એ બધું પાશવી જીવન કહેવાય છે. અને માનવીના જે સ્વાભાવિક ગુણો હોય છે તે પ્રમાણે જીવન જીવે છે, તેને માનવીય જીવન કહેવાય છે. **માનવીય જીવનનું સૌથી મોટું લક્ષણ એ છે કે આપણાથી બીજાને દુઃખ ના થાય.** દૈવી જીવન બહુ ઓછા લોકો જીવતા જોવા મળે છે. **'દૈવી જીવન એટલે માણસ સ્વાર્થરહિત એવા કાર્યો કરે કે જે કાર્યોના માધ્યમથી સમાજમાં એક આદર્શ સ્થાપિત થાય.'** પરંતુ દેવતા જેવા કાર્યો કરવાથી માણસ દેવતા કે પરમાત્મા બની જતો નથી. પરંતુ જે લોકો દૈવી જીવન જીવે છે તેમના માટે મોટમાં મોટો ફાયદો એ છે કે **ભક્ત એક ડગલું ચાલે છે તો ભગવાન પાંચ ડગલા સામે ચાલીને આવે છે.** માણસ દૈવી જીવન જીવવાનું ચાલું કરે પછી પણ તે જ્યાં છે ત્યાંથી ઉપર ઉઠવા માટે પ્રયત્નો કરવાના છે. **તો કઈ રીતે ?** તો એના પણ ત્રણ તબક્કા છે. **'આત્મજ્ઞાન', 'આત્મ અનુષ્ઠાન'** અને **'આત્મ-ઉત્થાન'** તો **'આત્મજ્ઞાન'** એટલે પોતાની અંદર જે સ્વાભાવિક ગુણો છે તેને ઓળખવાના છે. એટલે સૌથી પહેલા પોતાને ઓળખવાનું કે **મારામાં એવું શું છે ?** જે બરાબર નથી અને મારમાં ક્યા ગુણો છે. જે સારા છે. જ્યાં સુધી પોતાને નહિ ઓળખીએ ત્યાં સુધી **'શાસ્ત્ર-જ્ઞાન'** વ્યર્થ છે. અને પછી બીજું, **'આત્મ અનુષ્ઠાન'** તો પોતાના સ્વભાવગતગુણો ઓળખાઈ ગયા પછી **'આત્મ-મંથન'** કરવું પડે છે. એટલે કે જે સારા ગુણો છે તેને નિખારવાનો પ્રયત્ન કરવાનો અને જે ખરાબ ગુણો છે તેને દૂર કરવાનો પ્રયત્ન કરવાનો. તો તેને કહેવાય **'આત્મ અનુષ્ઠાન'** અને પછી ત્રીજુ છે **'આત્મ ઉત્થાન'** તો આત્મ ઉત્થાન એટલે આપણી આધ્યાત્મિક ગતિને ઉંચી ઉઠાવવાની સમાજમાં સારી રીતે રહેતા હોય બધા સાથે સારૂ માનવીય વર્તન કરતા હોય તેની વાત નથી પરંતુ **આધ્યાત્મિક પ્રગતિની વાત છે.** તો આત્મ ઉત્થાન માટે આપણા વિચારો સાત્ત્વિક હોવા જોઈએ. જે કાંઈ કાર્ય કરો તે બહુ વિચારીને કરવાનું. મહારાજે શિક્ષાપત્રીમાં કીધું છે ને **'ધર્મ સંબંધી કાર્ય તત્કાળ કરવું'** અને વ્યવહાર સંબંધી કાર્ય વિચારીને કરવાનું. તો આપણે ઉંધું કરી દઈએ છીએ. વ્યવહાર સંબંધી કાર્યને પ્રાથમિકતા આપી દઈએ છીએ. **અહિંયા જ આપણી ભૂલ થાય છે અને આ ભૂલ કેમ થાય છે ?** તો માણસ આ જગતમાં આવે છે તો અમુક ઈચ્છાઓ લઈને આવે છે. તો બધા માણસ પાસે સ્વતંત્ર ઈચ્છાઓ અને વિચારો છે. તે પ્રમાણે માણસ જીવે છે. પરંતુ આપણી જેવી ઈચ્છા હોય છે તેવી પસંદગી હોય છે. પરંતુ તેના માટે આપણી પાસે વિકલ્પ છે કે તે ઈચ્છાઓ પ્રમાણે ધ્યેય પુરુ કરવું કે મુકી દેવું તે આપણે નક્કી કરવાનું છે. આપણા **અહમ્‌ને આધીન ન થઈને લોભામણી લાલચોમાં વશ થયા વગર સાહસપૂર્વક જીવનમાં આવતી પ્રતિકુળ પરિસ્થિતિનો સામનો કરીને આપણી આત્મશક્તિનો ઉપયોગ કરીને કાર્ય કરીએ તો ભગવાનની નજીક જઈ શકાય છે.** ખરેખર કોઈ માણસ ૧૦૦% સ્વતંત્ર છે જ નહિ. અમુક વસ્તુ ફરજીયાત છે. બરાબર છે. પણ **આપણે શું કરીએ છીએ ? મારી મરજી છે. શું વાંધો છે?** બીજાનું જીવન જોયા વગર **હું મારી મરજીમાં હશે એમ કરીશ ! તો એવું નહિ કરવાનું.** **કેમ કે ?** માણસ એવું કરે તો બીજાને નહિ પરંતુ આગળ જતા પોતાના જીવનમાં જ તકલીફ ઉભી થાય છે. **ભગવાને કાયદા બનાવ્યા છે તે પ્રમાણે જગત આખું ચાલે છે.** ભગવાને બનાવેલા કાયદા સરખી રીતે નહિ પળાય તો આપણા જ જીવનમાં અવ્યવસ્થા ફેલાઈ જાય છે. અને ક્યારેક એવું પણ થાય છે કે આપણે કાયદામાં જ રહીએ છીએ તો પણ **આવુ દુઃખ**

**કેમ ?** તો નિયમમાં રહીએ છીએ અને તો પણ આપણા જીવનમાં દુઃખ આવે છે તો તે આપણને મજબૂત બનાવવા માટે છે. તેને **આધ્યાત્મિક પરીક્ષા કહેવાય છે.** તે ગમે ત્યારે લઈ શકાય છે. સ્કુલમાં કહેવામાં આવે છે. જીવનમાં કહેવામાં આવતું નથી. ભણવામાં જેમ પુસ્તક હોય તેમાં પાઠ હોય છે. તે એક જ પાઠમાંથી જુદી જુદી રીતે પ્રશ્ન પૂછાય છે. જો સીધી રીતે પૂછાય તો આવડી જાય છે. પરંતુ ફેરવી ફેરવીને પૂછાય તો તકલીફ પડે છે. પણ સારી રીતે વાંચીને ગયા હોય તો ધીરજથી ગભરાયા વગર શાંતિથી લખીએ તો પાસ થઈ જવાય છે. એવી રીતે સંસારમાં પણ જીવનમાં અચાનક પરીક્ષા ભગવાન લે છે. આપણે બધું આયોજનપૂર્વક કર્યું હોય, બધી રીતે બરાબર વિચાર્યું હોય છતાં કોઈક સમયે એવી જુદી જુદી પરિસ્થિતિ ઉભી થાય છે. તેમાં પાસ થવું પડે છે. જેમ પહેલા, બીજા ધોરણમાં છેલ્લે કોલેજમાં એમ જેમ જેમ આગળ પગથિયા ચડતા જઈએ તેમ તેમ વધારે અઘરુ આવે છે. અને જે રીતે તમે ભણ્યા હશો તે પ્રમાણે તમને સમાજમાં સ્થાન મળશે. તો તે રીતે મહારાજ જે કસોટી લે છે. આપણા જીવનમાં જે કસોટી થાય છે. તે પણ એટલા માટે થાય છે કે **આપણે જેમ જેમ જ્ઞાનમાં ઉંડા ઉતરતા જઈએ છીએ એટલી કસોટી કઠિન થતી જશે.** પણ બધી વસ્તુ સકારાત્મક લેવાની. આધ્યાત્મિક પરીક્ષામાં અમુક પહેલા તો ડરની પરીક્ષા લેવાય છે કે તમે કઈ પરિસ્થિતિમાં વધારે ગભરાઈ જાવ છો. તે જોવા માટે અને તમારી હિંમત વધારવા માટે હોય છે. અમુક વ્યક્તિની પાસે પોતાની શક્તિ (પાવર) બહુ મોટી સત્તા હોય છે. તો એ જોવા માટે કે તમે બહુ હરખાઈ જાવ છો કે નહિ, અને બીજું પરમાત્મા એ જુએ છે કે **મેં તમને સત્તા આપી તો તમે તેનો ઉપયોગ કઈ રીતે કરો છો ?** મહારાજ તમને ગમે તેટલા મોટા બનાવે તો ત્યારે સાવચેત થઈ જવાનું કે મારી પરીક્ષા થવાની છે. પછી આવે છે 'ક્ષમા' તો કોઈ કારણ વગર એકદમ ક્રોધિત થઈ જવાનું અથવા અપશબ્દ બોલવાનું કે આવું કાંઈ આચરણ કરો છો કે નહિ ? ક્ષમા રાખો છો કે નહિ તે જુએ છે. આ બધું જોવા માટે મહારાજ ક્યારેક બધુ લઈ લે છે અને ક્યારેક બધું આપી પણ દે છે. તો મહારાજ જ્યારે બધું આપી દે ત્યારે પણ વિવેક રાખાવનો અહંકારને લીધે અવિવેક ન થઈ જાય તેનો ખ્યાલ રાખવાનો. અને ક્યારેક પાસે કાંઈ ન રહે ત્યારે સંતોષ અને ધીરજ રાખવાની હતાશ નિરાશ નહિ થઈ જવાનું પરંતુ **સકારાત્મક લેવાનું કે મહારાજ આપણને એક પદ ઉંચા ઉઠાવવા માગે છે. કેમ કે ? પ્રતિકુળ પરિસ્થિતિમાં શું થાય છે ?** તો માણસ બધા જ પ્રયત્ન કરે છે. અને પોતાના બધા જ જ્ઞાનનો ઉપયોગ કરે છે. પરિસ્થિતિને પહોંચી વળવા માટે ત્યારે વ્યક્તિની ધીરજ અને સહન શક્તિ વધી જાય છે. આત્મબળમાં વૃધ્ધિ થાય છે. તો જીવનમાં જ્યારે પણ આવું કાંઈક થાય ત્યારે મજબૂત રહેવાનું શ્રધ્ધા રાખવાની. ગભરાઈ જવાનું નહિ. તો આધ્યાત્મિક જીવનમાં પણ ઉંચુ સ્થાન મળે છે. જે પણ, પરિસ્થિત હોય તેને સહેજે સહેજે સ્વીકારી લેવી અને તમે બધા પણ સત્સંગમાં એટલા આગળ વધ્યા જ છો એટલે જ અહિંયા બેઠા છો નહિતર કોઈ બેસે નહીં. ક્યારેક જીવનમાં પોતાને પણ પ્રોત્સાહન આપવું પડે. બહુ નહીં આપવાનું પણ ભગવાનની કૃપાથી જીવનમાં કાંઈક સારુ કાર્ય કરી શકું છું તો તેને ટકાવી રાખીશ એમ થોડું પ્રોત્સાહન આપવામાં વાંધો નહિ. આપણે બધા **શ્રી નરનારાયણદેવની છત્રછાયામાં** બેઠા છીએ તો આપ સૌની શરણાગતિ દઢ રહે તે ખાસ જોવાનું છે. **કોઈની તાકાત નથી કે આપણું કાંઈ બગાડી શકે. કેમ કે ? શ્રી નરનારાયણદેવ આઠ આઠ આયુધો ધારણ કરીને ઉભા છે !** તમે રોજ શ્વાસ લો છો તો એમાં કોઈ વિકલ્પ શોધો છો કે મારે શ્વાસ નથી લેવો તે ફરજીયાત છે. જાતે જ થાય છે. તેમાં વિકલ્પ નથી. એવી રીતે **શ્રી નરનારાયણદેવનો** વિકલ્પ છે જ નહિ. **કેમ કે ? શ્રી નરનારાયણદેવ સમગ્ર ભરતખંડના રાજા છે.** તો આપણે જેના રાજ્યમાં રહીએ છીએ તેની આજ્ઞામાં રહેવું પડે છે. તો કાયમ **શ્રી નરનારાયણદેવના** થઈને રહેજો અને હવે પછીની બીજી કથા અધિક માસમાં આપણે આપણા મ્યુઝિયમમાં કરવાની છે. જેની તારીખ હવે નક્કી થશે.

●

### પતિવ્રતાનો પ્રભાવ

- સાંખ્યયોગી કોકિલાબા (સુરેન્દ્રનગર)

આ સંસારમાં સ્ત્રી એજ ઘરનું ભૂષણ અને ખરી સાથીદાર છે. સ્ત્રીએ જ સંસારના તાપથી તૃપ્ત થયેલાઓને શિતળ અને શાંત થવાનું ઠેકાણું છે. સ્ત્રી એજ પોતાનું અર્ધું અંગ છે. સ્ત્રી વિનાનું ઘર તો સ્મશાન તુલ્ય છે. પતિવ્રતા સ્ત્રીને માનવ, દાનવ, દેવ કે કરાળ કળિકાળ પણ અધર્મયુક્ત કરવાને સમર્થ થતો નથી. પતિવ્રતાના સૌભાગ્યનો ભંગ કરવાને અને તેને વૈધવ્યપણું આપવાને યમરાજા પણ ડરે છે. જેમ ગંગા સ્નાનથી શરીર પાવન થાય છે તેમ પતિવ્રતા સ્ત્રીના દર્શનથી મનુષ્યનાં મન ઈન્દ્રિયો સર્વ પાવન થાય છે. પતિવ્રતા સ્ત્રી પોતાના








પ.પૂ.અ.સૌ.લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીના સાંનિધ્યમાં બહેનો માટે

શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, હવેલીમાં

પંચાન્હ જ્ઞાનયજ્ઞ

પવિત્ર ધનુર્માસમાં

# પંચાન્હ જ્ઞાનયજ્ઞ














પંચાન્હ જ્ઞાનયજ્ઞ




પંચાન્હ જ્ઞાનયજ્ઞ


SHOT ON MI A1
MI DUAL CAMERA
પંચાન્હ જ્ઞાનયજ્ઞ


પંચાહ્ન જ્ઞાનયજ્ઞ


પંચાહ્ન જ્ઞાનયજ્ઞ

પતિવ્રતા ધર્મના પ્રભાવથી લોક લોકાંતરમાં ગતિ કરનારી અને ગમે તેવા અશક્ય કાર્યને શક્ય કરનારી દેવ દર્શનીય બને છે.

સોરઠના જૂનાગઢ રાજ્યની આ વાત છે. સતી અને શુરવીરોની આ ધરતી પર ૧૧ મી સદીમાં રાણી રાણકદેવી પોતાના ધર્મની રક્ષા માટે પતિ રાખેંગારની પાછળ સતી થયા હતા. રાણી રાણેકદેવીનાં સતિત્વની ગાથા આજે પણ અનેકના હૃદયમાં અંકિત થયેલી છે. જૂનાગઢ રાજ્યમાં આવેલું નાનકડું ગામ - મજેવડી. ત્યાંનો હડમતકુંભાર અને એની પત્ની એક દિવસ વગડામાંથી ચાલ્યા જતાં હતાં. એવામાં રસ્તામાં બાળકના રડવાનો અવાજ સંભળાયો. અવાજની દિશા તરફ નજર ફેરવતાં બનેંની નજર એક ત્યજી દેવાયેલી નવજાત બાળકી પર પડી. આવા કૂમળા ફુલને આવી રીતે વગડામાં કેમ ફેંકી દીધું હશે ? આ નિર્દોષ બાળકીને ફેંકી દેતા માતા-પિતાના જીવ કેમ ચાલ્યો હશે ? બાળકીનાં મોઢા પરનું તેજ જોતા લાગે છે કે તે કોઈ ઉંચા કુળની દીકરી હશે ?

કુંભાર દંપતિ વાતો કરતું હતું. એવામાં એમની નજર બાળકીના ગળામાં બાંધેલા તાવીજ પર પડી. તેને ખોલીને જોયું ત્યારે ખબર પડી કે તે બાળકી સિંધ પ્રદેશનાં રાજપૂત શેર પવારની દીકરી છે. વાત કંઈક એમ બની હતી કે કનિષ્ઠ નક્ષત્રમાં જન્મેલી બાળકીને લીધે રાજ્યમાં અવરોધ આવશે. એવી ભવિષ્યવાણી સાંભળીને પિતાએ એને દૂર વગડામાં ફેકાવડાવી દીધી હતી.

નિઃસંતાન કુંભાર દંપતિને આ બાળકી મળી ત્યારે એમાં ઈશ્વરનો સંકેત સમજીને તેમણે તે બાળકીને પોતાની પાસે રાખી. અને બાળકીનું નામ રાખ્યું - રાણક.

રાણક તો હડમત કુંભારને ત્યાં ઉછરવા લાગી. નાનપણથી જ એનામાં ત્યાગ, સમર્પણ, સેવા, સહનશીલતા જેવા ગુણોના દર્શન થતા હતા. રાણકના રૂપ અને ગુણોની ખ્યાતિ સોરઠમાં જ નહિ પરંતુ સમગ્ર ગુજરાતમાં પ્રસરી હતી. એકવાર રાણક કૂવે પાણી ભરવા ગઈ ત્યારે ત્યાં રાજવી વેશ ધારી એક યુવાન સાથે તેની મુલાકત થઈ. યુવાન પોતાના ઘોડાને પાણી પિવડાવવા આવ્યો હતો. સુંદર અને સુશીલ રાણકને જોતાં જ રાજવી યુવાન પ્રભાવિત થઈ ગયો. ક્ષત્રિય તેજથી ઓપતો એ નવયુવાન જૂનાગઢનો રા'ખેંગાર હતો. એ બંનેએ પરસ્પરના સદ્‌ગુણોથી, એકબીજાને જીવનસાથી તરીકે મનોમન સ્વીકારી લીધા. ટૂંક સમયમાં જ આવીને રાણકને સન્માનપૂર્વક જૂનાગઢ લઈ જવાનું વચન આપી રા'ખેંગાર ત્યાંથી વિદાય થયા. રાણકદેવી રા'ખેંગારને મનથી વરી ચૂક્યા હોવાથી તે દિવસથી પતિવ્રતાના ધર્મો પાળવા લાગી.

એક દિવસ કુંભારને ઘેર પાટણથી આવેલા એક બારોટે રાતવાસો કર્યો. રાણકના રૂપ-સૌંદર્યને જોઈ તેને થયું, ''આવી ગુણીયલ યુવતીતો પાટણની પટ્ટરાણી તરીકે શોભી ઉઠે તેમ છે. તેણે રાણકના માતા-પિતાને મળીને પાટણના મહારાજ સિધ્ધરાજ જયસિંહ માટે રાણકનું માંગુ નાખ્યું. રાણકને પ્રલોભન આપતા તેણે કહ્યું, ''જો તું આ લગ્ન સંબંધ માટે હા પાડીશ તો પાટણની પટરાણી બનીને ન્યાલ થઈ જઈશ. સમગ્ર ગુજરાત ઉપર તારો હુકમ ચાલશે. અને જો તું ના પાડીશ તો સિધ્ધરાજ કોપાયમાન થશે. ને સેના લઈને સિધ્ધરાજ આવશે અને તને કોઈ બચાવી નહી શકે.''

રાણક તો સત્તાની નહી સત્યની દિવાની હતી. પોતે જેને મનથી વરી ચૂકી હતી એ રા'ખેંગાર સિવાય એને જગતના પુરુષ માત્ર પિતા અને ભાઈ સમાન હતા. પતિવ્રતાના ધર્મ પાલન કરવામાં ગમે તેટલા દુઃખો આવી પડે તો પણ એ ડગે તેમ નહોતી. પરંતુ પેલો બારોટ તો ગમે તેમ કરીને રાણકને સિધ્ધરાજના અંતઃપુરમાં સામેલ કરવા તૈયાર થયો હતો. રાણકે ચતુરાઈપૂર્વક બે દિવસનો સમય માગ્યો. રાણકના જવાબની રાહ જોઈ બેઠેલા બારોટને જાણ થાય એ પહેલા રાણકે તાત્કાલિક રા'ખેંગારને સંદેશો મોકલાવ્યો. સ્થિતિની ગંભીરતા જાણી રા'ખેંગાર તાબડતોડ આવ્યા અને રાણકદેવીને જૂનાગઢ લઈ જઈ ઘડિયા લગ્ન કરી લીધા.

સિધ્ધરાજને જ્યારે આ વાતની ખબર પડી ત્યારે એ સમસમી ગયો. રાણકના રૂપઘેલા સિધ્ધરાજે લશ્કર સાથે જૂનાગઢ ઉપર હુમલો કર્યો. રા'ખેંગાર અને રાણક ઉપર સિધ્ધરાજે સંદેશો મોકલ્યો. જે ''રાણકદેવી સોંપી દેશો તો લશ્કર હટાવી લઈશું, નહીં તો લોખંડી કિલ્લોને સુવ્રણજડિત રાજમહેલ તોડી નાખીશું.'' રાણકદેવીએ ઉત્તરમાં કહેવડાવ્યું કે, ''હું તો રા'ખેંગારને વરી ચૂકી છું. આ ભવમાં બીજો ભવ થાય એમ નથી.''

જૂનાગઢનું સૈન્ય ૧૨-૧૨ વર્ષ સુધી સિધ્ધરાજના સૈનિકો સામે ટક્કર ઝીલતું રહ્યું. આ અરસામાં રાણકદેવીની કૂખે બે દીકરા થયા હતા. રાણકદેવીએ પોતાનો એ બંને પુત્રોમાં ધર્મ-સંસ્કારોનું સિંચન કરીને તેમને શુરવીર અને બહાદુર બનાવ્યા હતા.

એક રાત્રે રા'ખેંગાર ઉપર કોટ કિલ્લાની રક્ષા માટે ગયા હતા. જ્યારે રાણકદેવી પોતાના મહેલમાં આરામ

કરતાં હતાં. એ વખતે રા'ખેંગારનો ભાણેજ દેશળ રાજમહેલમાં દાખલ થયો. દેશળ આજે બેશરમ બની મદિરા પાન કરીને આવ્યો હતો. રાણીને પણ મદિરા પીવાનો આગ્રહ કરતા કહેવા લાગ્યો ''મામી ! રા'ખેંગારને છોડોને સિધ્ધરાજ સાથે ચાલી નીકળો. ગુજરાતની પટરાણી બનવાના નસીબ ક્યાંથી ? પોતાના પતિને દેવની જેમ પૂજતા રાણકદેવી પતિવ્રતા સ્ત્રી હતા. રા'ખેંગાર જ એમનું સર્વસ્વ હતા. તેઓ સિધ્ધરાજની સુખ-સાહ્યબીમાં જરાય લોભાય એમ ન હતા.

પોતાના પતિવ્રતાના ધર્મનો ભંગ કરાવવા આવેલ ભાણેજ દેશળને એમણે તત્કાલ હાંકી કાઢ્યો. અને કહ્યું, ''અહીંથી તત્કાળ ચાલ્યો જા. આજ પછી મને તારૂં મોઢું ક્યારેય બતાવીશ નહી. તું ભાણેજ છે એટલે આજે તને જીવતો જાવા દઉં છું. બાકી આવું વર્તન કરનારનું તો હું તલવારથી માથું ઉડાવી દઉં.'' આ અપમાનથી તેનો અહમ્ ઘવાયો. દગો કરીને તેણે ઉપરકોટનો દરવાજો ખોલાવડાવ્યો. અને સિધ્ધરાજની સેનાને જૂનાગઢમાં પ્રવેશ મળી ગયો. સિધ્ધરાજના સૈનિકો જૂનાગઢની જનતા પર તીડની જેમ ત્રાટકી પડ્યા. અચાનક થયેલા હુમલા સામે રા'ખેંગારના સૈનિકો ઝાઝું ટકી શક્યા નહીં. ભીષણ યુધ્ધના અંતે રા'ખેંગાર વીર ગતિને પામ્યા. ત્યારબાદ રાણકદેવીનાં બંને શૂરવીર પુત્રો રણભૂમિમાં ઉતર્યા. સિધ્ધરાજે આ બંને કુમળા બાળકોને રાણકદેવીની નજર સમક્ષ મારી નાખ્યા.

વિરપતિ અને વહાલ સોયા પુત્રોની વિદાયના શોકથી ગ્રસ્ત રાણકદેવીને લઈ સિધ્ધરાજે પાટણ ભણી પ્રયાણ કર્યું. યુધ્ધના મેદાનમાં સિધ્ધરાજ વિજેતા થયો હતો. પરંતુ પ્રલોભન સામેના સંગ્રામમાં રાણકદેવીની જીત થઈ હતી. જીવન ભર રા'ખેંગારને ઈશ્વરની જેમ સેવીને એમણે પોતાનું સતિત્વ અકબંધ રાખ્યું હતું. ''તું ગમે તેમ કર પણ હું સોરઠની ધરતી બહાર પગ નહી મૂકું.''

સિધ્ધરાજ સેના સાથે પાટણ તરફ આગળ વધ્યો. રાણકદેવી આ કાફલામાં હજુય રા'ખેંગારનું મસ્તક ખોળામાં લઈને બેઠા હતા. રસ્તામાં ભોગાવો નદીના કિનારે વસેલું વઢવાણ પુર આવ્યું. અહીંથી સોરઠની હદ પૂરી થતી હતી. રા'ખેંગારનો વિરહ રાણકદેવીથી સહ્યો જતો નહોતો. રાણકદેવીએ સિધ્ધરાજને લલકાર્યો. **''ગુજરાતના નાથ સિધ્ધરાજ ! તારી આણ આખા ગુજરાતમાં પ્રવર્તતી હશે. પરંતુ ભગવાન અને ભરથાર વિના મારે જીવતરનો કોઈ અર્થ નથી. મારે સતી થવું છે.''** રાણકનું પતિવ્રતા પણું જોઈ સિધ્ધરાજ છોભીલો પડી ગયો. રાણક સામે જોવાની તેની હિંમત હવે રહી નહિ. રાણકને રોકવાનું તેનું ગજું નહોતું. તેમ છતાંય હાર્યા જુગારીની જેમ એણે છેલ્લો પાસો ફેંક્યો. ''રાણક ! તારે ચિત્તામાં બેસવું હોય તો બેસ. પણ તને કોઈ અગ્નિ નહી આપે.''

સિધ્ધરાજના પ્રતિભાવની રાહ જોયા વિના રાણકે પોતાની ચિત્તા તૈયાર કરી દીધી હતી. તેઓ ત્વરાથી ચિત્તા પર બેસી ગયા. તેઓના હાથમાં રા'ખેંગારનું મસ્તક હતું. અને હૈયામાં પણ રાખેંગારનું જ સ્મરણ હતું. સિધ્ધરાજ કંઈ વિચારે તે પહેલા જ રાણકદેવીની ઈચ્છાથી ચિતાને સ્વયંભૂ પ્રગટેલા અગ્નિએ આશ્લેષમાં લઈ લીધી. પ્રભુને પતિના સ્મરણ સાથે રાણકદેવી સતી થયા. અને ભાવી પેઢીઓને પતિવ્રતા નારીનો આદર્શ ચીંધી ગયા.

●

**''સેવાનો પ્રતાપ''**

- લાભુબેન મનુભાઈ પટેલ (કુંડાળ, તા. કડી)

ગામ માળીયામાં મકન ભટ્ટ હતા. સુદામાં જેવી ગરીબ સ્થિતિ હતી. એમની પાસે આ લોકની સંપત્તિ નહોતી, પણ દિવ્ય સંપત્તિ હતી. શ્રીમંત હતા. ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, દયા, સંતોષ વિગેરે સદ્ગુણોથી સમૃદ્ધ હતા. ગામમાં સંતો પધારે ત્યારે અચૂક કથામાં પહોંચી જાય, શાંતિથી કથા સાંભળે. સંતોની શું સેવા કરું. મારી પાસે પૈસા નથી. પણ દૂઝણું છે. હંમેશા ઠંડી મીઠી છાશ અને અથાણું સંતોને આપે, વરસો સુધી છાશને અથાણાની સેવા કરી.

શ્રીજી મહારાજ ખૂબ રાજી થયા. રાત્રે દિવ્ય સ્વરૂપે પધાર્યા. મકન ભટ્ટ, જય સ્વામિનારાયણ શું કરો છો ?? મહાપ્રભુ, જય સ્વામિનારાયણ. આજ ગરીબની ઝૂંપડીએ પધાર્યા. ધન્ય ધડી, ધન્ય અવસર... તૂટેલા ફાટેલા ખાટલા ઉપર ગોદડું પાથરી દીધું. શ્રીજી મહારાજ તે ઉપર બેઠા. પ્રભુને પગે લાગી બે હાથ જોડી કીર્તન ગાય છે.

**''પૂર્વનું પુણ્ય પ્રગટ થયું જ્યારે,**
**સ્વામિનારાયણ મળીયા ત્યારે,**
**નેણે મોહનવર નિરખ્યા જ્યારે,**
**પૂરણ કામ થયું મારું ત્યારે.''**

શ્રીજી મહારાજે કહ્યું, તમે અમારા સંતોને છાશ અને અથાણું આપો છો તે બદલામાં અમે તમને શું આપીએ ? શી ઈચ્છા છે ભક્તરાજ, કહો તો ધન સંપત્તિ આપીએ. બોલો શું જોઈશે.... મહારાજ આ લોકની નાશવંત સંપત્તિની કોઈ ઈચ્છા નથી. મહેનત મજૂરી કરી ગુજરાન

ચલાવું છું. ને આનંદથી તમારું સ્મરણ કરું છું. હે પ્રભુ જો રાજી હો તો તમારા અક્ષરધામમાં તેડી જાવ. ભલે તૈયાર રહેજો. એકાદશીના દિવસે અમે તમને તેડવા આવશું તેમના પત્નીને વાત કરી. હું ધામમાં જઈશ. ત્યારે તેમના પત્નીએ કહ્યું, દરરોજ છાશ હું બનાવતી હતી, તેથી પ્રભુજીને કહો કે મને પણ ધામમાં તેડી જાય. શ્રીજી મહારાજ એકાદશીના દિવસે મકન ભટ્ટને ધામમાં તેડી ગયા. અને બીજે દિવસે તેમનાં પત્નીને ધામમાં તેડી ગયા. આ છે સેવાનો પ્રતાપ. જંગલના જોગી તપ કરી કરીને રાફડા થઈ જાય તો પણ પ્રત્યક્ષ પ્રભુનાં દર્શન થતા નથી, પણ આજે તો પ્રભુએ મોક્ષનાં દ્વાર ખુલ્લા મૂકી દીધા છે.

**'કાંજે પામ્યા અમારો પ્રસંગ રે,**
**તેને તુલ્ય આવે કેમ ગંગ રે,**
**એને સ્પર્શ્યાતા વામન પાવે રે,**
**તેતો હરિ અવતાર કા'વે રે.**
**પણ અવતારના જે અવતારી રે,**
**વાત તેની તો જાણજો ન્યારી રે.'**

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, વામનજીના ચરણના સ્પર્શથી ગંગાજી પ્રગટ થયા. આ તો અવતારના અવતારી સહજાનંદ સ્વામી છે... તેની રીત ન્યારી છે. તેને ઓળખી લ્યો. પણ આપણે બધા કેવી છીએ, કિંમતી વસ્તુને ફેંકીને નકામી નજીવી વસ્તુને પકડી રાખીએ છીએ. મોહ માયા, મારું તારું, આળસ, અજ્ઞાન, અદેખાઈ આદિ નજીવી વસ્તુ પકડીને બેઠા છીએ.

આજની વાત મોટ જેથી જીવ તર્યા કોટી કોટી..... ચરાચર સ્થાવર ને જંગમ તે સહુને થયું સુગમ...

**'એમ વેંતિ કરી છે અમે વાટ રે,**
**બ્રહ્મમોલમાં જાવાને માટ રે,**
**શ્રી મુખે કહે એમ શ્રીહરિ રે,**
**સહુ વાત માનજો એ ખરી રે.'**

અક્ષરધામની વાટ વહેતી કરી છે. પણ ધ્યાન રાખજો કેવા થશું તો ધામમાં જાશું.... હૈયામાં હરિ સાથે હેત મુખમાં હરિ ભજન, આંખમાં હરિની મૂર્તિ, કાનમાં કથા, હાથમાં માળા, સૌને પ્રણામ અને હૃદયમાં વૈરાગ્ય..... નિર્વાસનિક થવાશે ત્યારે ધામમાં જવાશે.

અનુ. પેજ નં. ૧૬ નું ચાલુ

મને ઈનામ મળી જાય. તેણે તરત જ સૈનિકોને જાણ કરી ખેડૂતને જેલમાં પુરાવી દીધો ને રાજા પાસેથી મોટું ઈનામ મેળવ્યું. ખેડૂત નિર્દોષ હોવા છતાં તેને અચાનક આવું દુઃખ આવી પડ્યું.

આ વાતની ખબર પેલા સાપ અને વાંદરાને થઈ. વાંદરો અને સાપ જેલમાં આવ્યા. વાંદરાએ ખેડૂતને ફળ લાવી આપ્યા. અને સાપે સાપનું ઝેર ઉતારવાનો ચમત્કારી મંત્ર ખેડૂતને આપ્યો. પછી સાપે રાજાને દંશ માર્યો તેથી રાજા તરફડીયા મારવા માંડ્યો. ઝેરની અસર થવા લાગી. ચારે બાજુ વાયુવેગે સમાચાર ફેલાયા ને દોડાદોડ ચાલુ થઈ. વૈદ્યો, હકીમો પ્રયત્નો કરવા લાગ્યા પણ કોઈ દવા કામ ન લાગી. ખેડૂતે મંત્રી પાસે ખબર મોકલાવી કે મારી પાસે ચમત્કારી મંત્ર છે. જો મને જેલમાંથી મુક્ત કરો તો હું ઝેર ઉતારી દઉં. મંત્રીએ તરત જ ખેડૂતને જેલમાંથી મુક્ત કર્યો. ખેડૂતે રાજા પાસે આવી મંત્રનો ઉપચાર ચાલુ કર્યો ને ઝેર ઉતરવા લાગ્યું. રાજા સ્વસ્થ થયો. પોતાનું જીવન બચાવવા બદલ રાજાએ ખેડૂતનો આભાર માન્યો. ઘણી ભેટ સોગાંદો આપી. ખેડૂત પાસેથી ખબર મળી તે પેલા માણસે ખોટી માહિતી આપી હતી તેથી તે બદલ રાજાએ પેલા માણસને આજીવન કેદમાં પૂર્યો.

ખેડૂત રાજી થતો થતો પોતાના ગામ તરફ પરત ફરી રહ્યો હતો ત્યાં પેલા ત્રણે વાઘ, વાંદરો અને સાપ ખેડૂતને મળ્યા ને કહેવા લાગ્યા, હે ખેડૂત ! તમે અમને બચાવ્યા તો અમે પ્રાણીઓ તમને મદદરૂપ થવા માટે તત્પર થયા પણ પેલા માણસે દગો કરી તેના સ્વાર્થ માટે તમને જેલમાં પુરાવ્યા. માણસ કરતા તો અમે પશુ સારા. ત્યારે પેલો ખેડૂત કહેવા લાગ્યો - ''માણસ જાત જો કરેલા ઉપકારનો બદલો અપકારથી આપે તો પશુ કરતાં પણ ખરાબ છે પરંતુ જો તે પરોપકારી બને તો દેવોથી પણ ઉત્તમ બની શકે છે.''

આપણા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાને પ્રથમનાં ૧૦ માં વચનામૃતમાં સેવકરામનું દ્રષ્ટાંત આપીને આવી રીતે કર્યા ઉપકારને ન જાણે તેવા જીવને કૃતઘ્ની જાણીને તેના સંગનો ત્યાગ કરવાની આજ્ઞા કરી છે. તો જીવનમાં જો આપણે એ વાતનું ચોક્કસ અનુસંધાન રાખીને પરોપકાર, સત્સંગ અને સેવા કરીશું તો ભગવાનનો રાજીપો આપણા ઉપર અખંડ વરસતો રહેશે.

# પ્રશ્નપેટી

સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી
(શ્રી સ્વા. મંદિર, જેતલપુર)

પ્ર. ૧ જ્ઞાન કોને જાણવું ? શિક્ષાપત્રીના ક્યા શ્લોકમાં છે ?

પ્ર. ૨ પ્રભુનો એકાંતિક ભક્ત કોને કહીએ ? ક્યા વચનામૃતમાં શ્રીજી મહારાજે પ્રશ્ન પૂછ્યો છે.

પ્ર. ૩ લીંમલીના વરવો શેઠ તેની બહેન ચંપાબાઈને ધોળકે પરણાવેલા. પતિનું અવસાન થતા તેના બે દિયરે મિલકત પચાવી પાડી તે વાતને પાંચ વર્ષ વિત્યા. વહેવારમાં ઘણી તાણ પડવા છતાં કોઈને કહેતા નહી ને ''સ્વામિનારાયણ''નું ભજન કરતા. ગઢપુરમાં બીજા હરિભક્તોએ મહારાજને જાણ કરી પછી શ્રીજી મહારાજે દર્શન આપી શું કહ્યું ?

પ્ર. ૪ કૃપાળુ શ્રીહરિ કરજીસણમાં બિરાજમાન હતા. ત્યાં ડાંગરવાથી જતનબા એમના બાપુજી વેણીદાસભાઈ કરજીસણ આવીને શ્રીજી મહારાજને કહે છે અમારા ઘેર પધારો ડાંગરવા. પછી મહારાજે હસતાં હસતાં જતનબાને શું કહ્યું ?

પ્ર. ૫ અંતઃકરણના દેવના નામ જણાવો.

પ્ર. ૬ ''નરનારાયણ વાસુદેવ હરિ, કૃષ્ણ કૃષ્ણ મુખ કહીએ હિમ્મત સહિત વચન તન ત્યાગી, વરત પંચ દઢ રહીયે...'' - આ અદ્‌ભુત રચના ના રચયિતા કોણ છે ?

પ્ર. ૭ સનકાદિક ના નામ જણાવો.

## જાન્યુઆરી-૨૦૧૮ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને ઉત્તરો આપનારના નામ

(૧) સાંખ્ય નિષ્ઠાને યોગનિષ્ઠા બે એકને વિષે હોય તો કાંઈ વાંધો ન રહે. (૨) બાહ્ય ઈંદ્રિયોને જીતવે કરીને અંતઃકરણ જીતાય છે. (૩) ''બ્રહ્માનંદ કહે લોકન ડર જાની, જો મેં ભક્તિ કરૂં જગ સે છાની... તો મો સે અધમ ન કોઉં પ્રાની....'' (૪) ''બ્રાહ્મણ થઈને જે શક્તિની પૂજા દારૂ-માંસે કરીને કરે છે તેને મલેછ જાણવા. ૧. નરભેરામ ૨. આશારામ ૩. દુર્ગાશંકર ૪. નારાયણરામ ૫. દામોદર ૬. કૃષ્ણારામ ૭. હરિપ્રસાદ ૮. નથુરામ. (૫) ''આ કોઠીને મોઢે માટલું મુકીને સીવીલ્યો ને સાણે થઈને બાજરી કાઢજો, તમારે ખૂટશે નહી અને જો ઉઘાડશો તો ખૂટી જાશે. (૬) આત્મનિષ્ઠારૂપ ગુણ. (૭) સ.ગુ. મુક્તાનંદ સ્વામી

૧ ભાવનાબેન કમલેશકુમાર ખંધેડીયા (મોરબી)
૨ સાંખ્યયોગી બહેનો (મોરબી)
૩ ભાવનાબેન નટવરભાઈ પટેલ (મુબારકપુર)
૪ સરોજબેન રણછોડભાઈ પટેલ (મુબારકપુર)
૫ રેખાબેન કીર્તિકુમાર પટેલ (ઊંઝા)
૬ દક્ષાબેન ઘનશ્યામભાઈ સોની (અમદાવાદ)
૭ ચંદુભાઈ પુરૂષોત્તમદાસ ભાવસાર (નવાવાડજ)
૮ રીટાબેન જયેશકુમાર ઠક્કર (વસ્ત્રાપુર)
૯ ઉષાબેન એમ. પટેલ, શારદાબેન એચ. પટેલ (વાવોલ)
૧૦ સાંખ્યયોગી બહેનો (વાવોલ)
૧૧ શોભના કે. (ઝોલાપરા)
૧૨ સુમિત્રાબેન એન. ભાવસાર (વિસનગર)
૧૩ વીણાબેન આર. ભાવસાર (નવરંગપુરા)
૧૪ અરવિંદાબેન નરેશભાઈ ભાવસાર (ચાંદલોડીયા)
૧૫ સાં.યો. કંચનબા, હીરાબા, ભગવતીબા (ધ્રાંગધ્રા)
૧૬ સાં.યો. ભારતીબા, મંજુબા (કાલુપુર)
૧૭ કંચનબેન બાબુભાઈ અડાલજા (રતનપર)
૧૮ ડૉ. અરૂણભાઈ ડી. પટેલ (રાણીપ)
૧૯ શારદાબેન એચ. પટેલ (સાબરમતી)
૨૦ લલિતાબેન રમણલાલ પટેલ (સાબરમતી)
૨૧ કોકીલાબેન બાબુભાઈ પટેલ (સાબરમતી)
૨૨ સાં.યો. કોકીલાબા, ઉષાબા (સુરેન્દ્રનગર)
૨૩ જ્યોત્સનાબેન હરિશભાઈ ગાંધી (સુરેન્દ્રનગર)
૨૪ મહંત શા. સ્વામી પ્રેમપ્રકાશદાસજી (હિંમતનગર)
૨૫ સુમિત્રાબેન આશિષકુમાર ભાવસાર (નવાવાડજ)
૨૬ ત્રિભોવનભાઈ લક્ષ્મણભાઈ પટેલ (નવાવાડજ)
૨૭ ઈશ્વરજી રામાજી ડાભી (ડાંગરવા)
૨૮ મફાજી સરદારજી ડાભી (ડાંગરવા)
૨૯ ભક્તિભાઈ ભોળાભાઈ પટેલ (ઝુલાસણ)
૩૦ ગંગાબેન ભક્તિભાઈ પટેલ (ઝુલાસણ)
૩૧ જ્યોત્સનાબેન રાજુભાઈ પટેલ (આનંદપુરા)
૩૨ વિષ્ણુભાઈ જીવાભાઈ પટેલ (સીતાપુર)
૩૩ પ્રભાતસિંહ કેસરજી ડાભી (ડાંગરવા)
૩૪ શારદાબેન વિઠ્ઠલદાસ પટેલ (ડાંગરવા)
૩૫ વિઠ્ઠલભાઈ મગનદાસ પટેલ (ડાંગરવા)
૩૬ વિનોદ પી. પટેલ (વહેલાલ)

# સત્સંગ સમાચાર

**શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર હવેલીમાં પવિત્ર ધનુર્માસમાં પ.પૂ.અ.સૌ. ગાદીવાળીશ્રીની શુભ સાનિધ્યમાં (બહેનો માટે) પંચાન્હ જ્ઞાનયજ્ઞ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીના સાનિધ્યમાં શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર (હવેલી)માં પવિત્ર ધનુર્માસમાં તા. ૨૨-૧૨-૧૭ થી તા. ૨૭-૧૨-૧૭ પર્યન્ત ભવ્ય મહિલા પંચાન્હ જ્ઞાનયજ્ઞનું સુંદર આયોજન સંપન્ન થયું.

તેમાં વક્તાપદે (કાલુપુર મંદિર હવેલી) સાંખ્યયોગી બહેનોએ અલભ્ય લાભ આપ્યો. જેમાં પ્રથમ દિને સાં. રેખાબા એ આદર્શ ભક્તગાથા વિષય અનુરૂપ આદર્શ ભક્તોના દિવ્ય ચરિત્રોની કથાનું શ્રવણ કરાવ્યું હતું. આ પ્રસંગમાં પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના શુભ વરદ્ હસ્તે દિવ્ય શાકોત્સવ ધામધૂમથી સંપન્ન થયો હતો. બીજા દિવસે સાં. મીનાબાએ આદર્શ સ્ત્રી ભક્ત ગાથા પર વિવિધ ચરિત્રમાં વહેલાલમાં શ્રીજી મહારાજ અઢાર ઘેર એક સાથે લાડુ જમ્યા હતા તેનો ભવ્ય દિવ્ય ઉત્સવ થયો હતો. ત્રીજો દિવસ સાં. ભારતીબાએ નંદ સંતોના સુંદર જીવન કવનનો મહિમા સમજાવ્યો હતો. તેમજ કાલવાણીમાં સ.ગુ. મુક્તાનંદ સ્વામીએ જે પ્રથમ વખત આરતી રચીને પોતે ઉતારી હતી તેજ સમૂહ આરતીના અલૌકિક દર્શન કરાવ્યા હતા. ચોથા દિવસે સાં. ગીતાબાએ શ્રી નરનારાયણદેવના અદ્‌ભુત મહિમાનું ગાન કરાવ્યું હતું. શ્રી નરનારાયણ જયંતી ફુલદોલ ઉત્સવ પણ ભવ્યતાથી ઉજવાયો હતો. છેલ્લે શ્રીહરિનું ધર્મકુળ મહિમાનું સવિસ્તર વર્ણન કરી બહેનોને દિવ્ય લાભ આપ્યો હતો. પાંચમાં અને પૂર્ણાહુતિના દિવસે સાં. ભારતીબાએ પોતાની આગવી શૈલીમાં શ્રી ઘનશ્યામ જન્મોત્સવ ઉજવીને શ્રી સ્વામિનારાયણ મહામંત્રનો મહિમા સમજાવ્યો હતો. પાંચ દિવસના સુંદર જ્ઞાનયજ્ઞમાં સમસ્ત બહેનોને પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીના અલૌકિક દર્શન અને રૂડા આશીર્વાદનો દેવ દુર્લભ લાભ મળ્યો હતો. સતત પાંચેય દિવસ પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીનું અલૌકિક સાનિધ્ય સૌને પ્રાપ્ત થયું હતું. પાંચેય દિવસ પૂ. રૂપલરાજા અને પૂ. સોનલરાજા પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. પ્રારંભથી પૂર્ણાહુતિ સુધી હવેલીના ત્રણેય માળ બહેનો હરિભક્તોથી ઉભરાઈ ગયા હતા.

(કાલુપુર મંદિર હવેલી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ગાંધીનગર (સે-૨) ભવ્ય શાકોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના રાજીપાથી તથા સ.ગુ. પૂ. મહંત શા. પી.પી. સ્વામી (ગાંધીનગર-નારણઘાટ)ની પ્રેરણા માર્ગદર્શનથી શ્રી સ્વામિનારાયણ મંદિર ગાંધીનગર (સે-૨) ખાતે તા. ૭-૧-૧૮ ને રવિવારના રોજ પૂ. મહંત સ્વામી, સમસ્ત સત્સંગી સમાજ એવમ્ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ ગાંધીનગર દ્વારા ભવ્ય શાકોત્સવ ઉજવાયો.

પૂ. સંતો દ્વારા ભવ્ય શાકનો અલૌકિક વધાર વિધિવત રીતે સંપન્ન થયો હતો. પ્રાસંગિક સભામાં સ.ગુ. પૂ. મહંત શા. સ્વામી હરિકૃષ્ણદાસજી, પૂ. મહંત શ્રી પી.પી. સ્વામી, પૂ. શા. રામ સ્વામી, શા. મહંતશ્રી દિવ્યપ્રકાશ સ્વામી આદિ સંતોએ ભગવાન શ્રીહરિનું મહિમા માહાત્મ્ય કહ્યું હતું. સભા સંચાલન પૂ. સ.ગુ. શા. સ્વામી ચૈતન્યસ્વરૂપદાસજી (ગાંધીનગર)એ સુંદર રીતે શોભાવ્યું હતું. અનેક હરિભક્તોએ શાકોત્સવમાં યજમાન બની અલૌકિક લાભ લીધો હતો. હજારો હરિભક્તોએ શાકોત્સવનો પ્રસાદ ગ્રહણ કરી ધન્ય બન્યા હતા. (શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી - ગાંધીનગર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર વાલી (રાજ.) શાકોત્સવ**

પરમકૃપાળુ શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી વાલી (રાજ.) મંદિરના પૂજ્ય મહંત સ્વામી દેવપ્રસાદદાસજીની પ્રેરણાથી તા. ૨-૧-૧૮ ને પોષ સુદ-૧૫ ના રોજ શ્રી સ્વામિનારાયણ મંદિર વાલી ખાતે ભવ્ય શાકોત્સવ ઉજવાયો. શાકોત્સવના મુખ્ય યજમાન ચમના રામઉકાજી ભૂરિયા પરિવાર રહ્યા હતા. અન્ય હરિભક્તોએ પણ તન, મન અને ધનથી સેવામાં જોડાયા હતા.

આ પ્રસંગે બીલીયા, હિંમતનગર આદિ ધામોથી સંતોએ પધારી કથા વાર્તાનો સુંદર લાભ આપેલ. સમગ્ર આયોજન કોઠારી સ્વામી હરિપ્રસાદદાસજી અને શાસ્ત્રી સ્વામી બ્રહ્મસ્વરૂપદાસજીએ કર્યું હતું. વાલી, દાંતીવા, થોબાઉ, જેલાતરા, ગોળીયા, વાટેરા, નવાપુરા, વાપા, મેડા, ખારવા, સિન્ધાસવા આદિ ગામોના હરિભક્તોએ દેવ દર્શન કરી કથા શ્રવણ કરી શાકોત્સવનો પ્રસાદ લઈ ધન્યતા અનુભવી હતી.

(શા. સ્વા. બ્રહ્મસ્વરૂપદાસ વાલી મંદિર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર હિંમતનગર શાકોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ આજ્ઞાથી તેમજ હિંમતનગર મંદિરના મહંત શા. સ્વામી પ્રેમપ્રકાશદાસજીની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર હિંતનગર ખાતે તા. ૩૧-૧૨-૧૭ ના રોજ ભવ્ય શાકોત્સવ ઉજવાયો. તમામ હરિભક્તોએ વિવિધ સેવામાં લાભ લીધો હતો. આ પ્રસંગે વાલી, બીલીયા, સાપાવાડા અને કાલુપુર મંદિરથી સંતોએ પધારીને શાકોત્સવ અને સર્વોપરી શ્રીહરિનો મહિમા કહ્યો હતો.

સમગ્ર પ્રસંગ દરમ્યાન શ્રી ઘનશ્યામ મહિલા મંડળ તથા શ્રી નરનારાયણદેવ યુવક મંડળની સેવા પ્રેરણારૂપ હતી. સમગ્ર આયોજન અત્રે મંદિરના મહંત સ્વામી અને મામલતદારશ્રી જસુભાઈ એસ. પટેલે કર્યું હતું. ધનુર્માસ આખો મહિનો શ્રીહરિ સ્મરણ ધૂન સંત-હરિભક્તોએ કરી હતી. તા. ૭-૧-૧૮ રવિવારના શ્રી ઘનશ્યામ મહારાજ સન્મુખ સુંદર અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો.

(જય એસ. પટેલ - હિંમતનગર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર પેથાપુર શાકોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા પેથાપુર મંદિરના મહંત સ્વામી ધર્મપ્રવર્તકદાસજીની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર પેથાપુરમાં ભવ્ય શાકોત્સવ ઉજવાયો. બાલવા ગામના સ્ત્રી હરિભક્તોએ બાજરાના રોટલા બનાવવાની સુંદર સેવા કરી હતી. તથા પૂજારી સ્વામી અને પરોપકાર સ્વામી અને અન્ય સેવાભાવી હરિભક્તોએ સુંદર સેવા બજાવી હતી. આ પ્રસંગમાં ૧૫૦૦ જેટલા હરિભક્તોએ શાકોત્સવનો લાભ લીધો હતો.

જેના યજમાન શ્રી ચિનુભાઈ એસ. ભાવસાર, સંજયભાઈ, સુધીરભાઈ, ડૉ. પરેશભાઈ, આર. કે. પટેલ, કંચનબેન મોદી આદિએ લાભ લીધો હતો.

ધનુર્માસમાં આખો મહિનો શ્રી સ્વામિનારાયણ મહા મંત્ર ધૂન કરી હતી. ધૂન બાદ અલૌકિક પ્રસાદ આપવામાં આવેલ. મહંત સ્વામીએ શ્રીમદ્ સત્સંગિજીવનની કથાનું સુંદર રસપાન કરાવ્યું હતું. પૂજારી ઘનશ્યામ સ્વામી અને પરોપકાર સ્વામીએ ઠાકોરજીને અવનવા શણગારના દર્શન કરાવ્યા હતા.

(કોઠારી મુકુંદભાઈ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર બાપુપુરા દિવ્ય શાકોત્સવ**

સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા સ.ગુ. પૂ. મહંત શા. સ્વામી પી.પી. સ્વામી (ગાંધીનગર-નારણઘાટ)ના માર્ગદર્શન પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર બાપુપુરા (ભાઈઓ-બહેનોનું) શ્રી નરનારાયણદેવ યુવક મંડળ તથા સમસ્ત ગ્રામજનોના સુંદર આયોજનથી તા. ૩૧-૧૨-૧૭ ને રવિવારના શ્રી નિલકંઠ મહાદેવ મંદિર બાપુપુરામાં ભવ્ય શાકોત્સવ ઉજવાયો.

પરમ પૂજ્ય લાલજી મહારાજશ્રીના શુભ વરદ્ હસ્તે અલૌકિક શાકનો વઘાર ધામધૂમથી થયો હતો. આ પ્રસંગમાં શાકોત્સવના મુખ્ય યજમાન અ.નિ. ચૌધરી જીતીબેન કાંતિભાઈ કેશાભાઈ, હસ્તે મંજુલાબેન પ્રકાશભાઈ ચૌધરી પરિવાર રહ્યાં હતાં. ગામના તમામ હરિભક્તોએ પણ નાની મોટી સેવાના યજમાન બની લાભ લીધો હતો. પ્રાસંગિક સભામાં પૂ. મહંત શા. સ્વામી હરિકૃષ્ણદાસજી, પૂ. મહંત શા. પી.પી. સ્વામી (ગાંધીનગર-નારણઘાટ) અને માણસા મહંત શા. સ્વામી નંદકિશોરદાસજી આદિ સંતોએ શ્રીજી મહારાજનું માહાત્મ્ય કહ્યું હતું. ગામના અને આજુબાજુના ગામના હજારો હરિભક્તોએ શાકોત્સવનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

(શા. સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી - ગાંધીનગર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર હિંમતપુરા (લાકરોડા) ખાત મૂહુર્ત - એવમ્ શાકોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા પૂ. સ.ગુ. મહંત શા. પી.પી. સ્વામી (ગાંધીનગર-નારણઘાટ)ની પ્રેરણાથી તા. ૯-૧-૧૮ ને મંગળવારના શુભ દિને હિંમતપુરા ગામે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે શ્રી નરનારાયણદેવ દેશ તાબાના સુંદર હરિમંદિરની ખાત મુહૂર્ત વિધિ વિધિવત રીતે સંપન્ન થઈ.

આ પ્રસંગે કાલુપુર મંદિરમાં પૂ. મહંત સ.ગુ. શા. સ્વામી હરિકૃષ્ણદાસજી, પૂ. શા. પી.પી. સ્વામી (ગાંધીનગર-નારણઘાટ મહંતશ્રી) આદિ સંતોએ સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાન અને તેમના સ્થાને બિરાજમાન પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનું માહાત્મય સરળ ભાષામાં સમજાવ્યું હતું. સભામાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે શાકોત્સવનો અલૌકિક વઘાર થયો હતો. પ.પૂ. મહારાજશ્રીએ સમસ્ત સભાને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. ગામના તમામ ભક્તોએ વિવિધ સેવા કરીને શાકોત્સવનો લાભ લીધો હતો.

(શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી - ગાંધીનગર)

**શ્રી સહજાનંદ ગુરુકુળ કોટેશ્વર પ્રાર્થના મંદિર પ્રથમ પાટોત્સવ એવમ્ શ્રીમદ્ ભાગવત પંચાન્હ કથા**

પરબ્રહ્મ પરમાત્મા શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ આજ્ઞાથી તેમજ પૂ. સ.ગુ. મહંત શા. પી.પી. સ્વામી (ગાંધીનગર-નારણઘાટ)ની પ્રેરણા માર્ગદર્શનથી શ્રી સહજાનંદ ગુરુકુળ કોટેશ્વર પ્રાર્થના મંદિરના પ્રથમ પાટોત્સવના ઉપલક્ષમાં તા. ૧૭-૧-૧૮ થી તા. ૨૧-૧-૧૮ પર્યન્ત શ્રીમદ્ ભાગવત પંચાન્હ પારાયણ (રાત્રીય) પૂ. સ.ગુ. શા. સ્વામી ચૈતન્યસ્વરૂપદાસજી (ગાંધીનગર)ના વક્તાપદે સંગીતના મધુર તાલે સંપન્ન થઈ હતી. આ પ્રસંગમાં રાત્રીય કથા, ભવ્ય પોથીયાત્રા, શ્રી કૃષ્ણ જન્મોત્સવ, ઠાકોરજીનો અભિષેક, અન્નકૂટ દર્શન, ધર્મકુળ દર્શન, સંતોના દર્શન અને છેલ્લે મહાપ્રસાદ આદિ કાર્યક્રમ સુંદર રીતે થયા હતા. પ્રસંગના મુખ્ય યજમાન અ.નિ. પ.ભ. બાબુભાઈ મણીલાલ પટેલ, અ.નિ. મંગુબેન મથુરદાસ પટેલ, ગં.સ્વ. અમથીબેન બાબુલાલ પટેલ આદિ ઘણા હરિભક્તોએ પણ સેવા કરી હતી.

આ પ્રસંગે પૂ. મહંત સ.ગુ. શા.સ્વામી હરિકૃષ્ણદાસજી આદિ ધામોધામથી સંતો પધાર્યા હતા. સભા સંચાલન પૂ. શા. સ્વામી દિવ્યપ્રકાશદાસજી (નારણઘાટ મહંતશ્રી)એ કર્યું હતું.
(શા.સ્વા. દિવ્યપ્રકાશદાસજી - નારણઘાટ મહંતશ્રી)

**દેવદાકા ગોળીયા (રાજ.) શ્રી સ્વામિનારાયણ મંદિર શાકોત્સવ**

પરમકૃપાળુ શ્રીહરિની પરમ કૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા વાલી મંદિરના કોઠારી સ્વા. હરિપ્રસાદદાસજીની પ્રેરણાથી શ્રીસ્વામિનારાયણ મંદિર દેવદાકા ગોળીયા ગામે (રાજસ્થાન) તા. ૧૩-૧-૧૮ ના રોજ ભવ્ય શાકોત્સવ ઉજવાયો.

ગામના ભક્તોએ શાકોત્સવમાં તન, મન અને ધનથી સેવા કરી હતી. આ પ્રસંગે વાલી-બીલીયાના શા.સ્વા. ચંદ્રપ્રકાશદાસજીએ સુંદર કથા વાર્તા કરી હતી. સમગ્ર આયોજન વાલી મંદિરના બ્રહ્મસ્વરૂપ સ્વામીએ કર્યું હતું. શાકોત્સવના મુખ્ય યજમાન સિંહ પરિવારે સુંદર લાભ લીધો હતો. સંત પૂજનમાં ચૌધરી ભીમારામ તથા વિરમારામ ઠાકોરજી કાગ પરિવારે લાભ લીધો હતો.

(શા.સ્વા. બ્રહ્મસ્વરુપદાસજી - વાલી મંદિર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કાલીયાણામાં સત્સંગ યુવા શિબિર - શાકોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા જેતલપુરધામના પૂ. સ.ગુ. મહંત શા.સ્વા. આત્મપ્રકાશદાસજી તથા પૂ. પી.પી. સ્વામીની પ્રેરણાથી શ્રી નરનારાયણદેવ યુવક મંડળ અને સમસ્ત ગામના આયોજન દ્વારા તા. ૬-૧-૧૮ ને શનિવારના કાલીયાણા ગામે પ.ભ. રામજીભાઈ ગોહેલના જીનમાં જેતલપુર મંદિરના પૂ. સ.ગુ. મહંત શા.સ્વા. આત્મપ્રકાશદાસજી, પૂ. શા.સ્વા. ભક્તિવલ્લભદાસજી આદિ સંત મંડળના વરદ્ હસ્તે ઠાકોરજી સમક્ષ ભવ્ય શાકોત્સવ ઉજવાયો. આ પ્રસંગે સત્સંગ શિબિર પણ થઈ હતી. જેમાં પૂજ્ય શા.સ્વા. આત્મપ્રકાશદાસજીએ શ્રી નરનારાયણદેવ ગાદી અને મૂળ સંપ્રદાય અને તેના સિદ્ધાંતને વળગી બીજા અન્ય વાડામાં દોરવાઈ ન જવા ખાસ ભલામણ કરી હતી. બપોરે ૨-૦૦ થી ૫-૦૦ ધૂન કીર્તન કથા આદિ થયા હતા. કાલીયાણા આદિ કુલ ૧૮ ગામોના ૭૦૦ જેટલા હરિભક્તોએ લાભ લીધો હતો. રામપરાથી અરજણભાઈ મોરી, ખોલડીયાદથી રામજીભાઈ ગોહેલ આદિ ઘણા ભક્તો પધાર્યા હતા. (ગણેશભાઈ ડી. બૂટીયા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ગવાડા ૩૬ મો પાટોત્સવ**

સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા સ.ગુ. મહંત શા.સ્વા. પી.પી. સ્વામી (ગાંધીનગર-નારણઘાટ)ની પ્રેરણાથી શ્રીહરિ પ્રસાદીભૂત શ્રી સ્વામિનારાયણ મંદિર ગવાડાનો ૩૬ મો પાટોત્સવ તા. ૨૪-૧૨-૧૭ મહા સુદ-૭ના ઠાકોરજીને ષોડશોપચાર અભિષેક, અન્નકૂટ આદિ થયા હતા. મહંતશ્રી શા. પી.પી. સ્વામી, બાલસ્વરૂપ સ્વામી (નારણઘાટ), પ્રાણજીવન સ્વામી, શા. ગોપાલજીવન સ્વામી આદિ સંતો દ્વારા કથાવાર્તા ધૂન કીર્તન થયા હતા. સમગ્ર પાટોત્સવના યજમાન પ.ભ. અરવિંદભાઈ જોઈતારામ પટેલ (ગવાડા હાલ અમેરિકા) હ. અલ્પેશભાઈ કમલેશભાઈ પરિવાર રહ્યા હતા.
(કોઠારીશ્રી ગવાડા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર વિજાપુર (વજીબાનું) તૃતિય પાટોત્સવ - દિવ્ય શાકોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ આજ્ઞાથી તથા પૂ. શા. પી.પી. (મહંતશ્રી ગાંધીનગર, નારણઘાટ)ની પ્રેરણા માર્ગ દર્શનથી અ.મુ.પૂ. વજીબા સ્મૃતિ મંદિરનો ત્રીજો પાટોત્સવ તા. ૨૧-૧-૧૮ ને રવિવારના ધામધૂમથી સંપન્ન થયો. આ પ્રસંગે શા.સ્વા. કુંજવિહારીદાસજીએ કથા શ્રવણ કરાવ્યું હતું. ધામો ધામના સંતો પધાર્યા હતા. સભા સંચાલન સ.ગુ. શા. સ્વામી ચૈતન્યસ્વરૂપદાસજી (ગાંધીનગર)એ શોભાવ્યું હતું.

સંતો દ્વારા શાકોત્સવ ભવ્યતાથી સંપન્ન થયો. ઠાકોરજીને ભવ્ય અન્નકૂટ ધરાવી, આરતી ઉતારવામાં આવી હતી. ગામના તમામ હરિભક્તોએ તન, મન અને ધનથી સેવા કરી ધન્યતા અનુભવી હતી. (કોઠારીશ્રી વિજાપુર મંદિર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કુંડાળ (કડી) શાકોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી મહામુક્ત કલાભગત પરિવારના સુંદર આયોજનથી તા. ૭-૧-૧૮ ના રોજ કુંડાળ ગામે કલા ભગતની વાડીમાં ભવ્ય શાકોત્સવ ઉજવાયો. ગામના સર્વે હરિભક્તો શાકોત્સવનો લાભ લઈ ધન્ય બન્યા હતા. બન્ને સ્વામિનારાયણ મંદિરમાં શ્રી સ્વામિનારાયણ ભગવાનની મહામંત્ર ધૂન કરી હતી.

(લાભુબેન મનુભાઈ પટેલ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ઉમેદગઢ (ઈડર) શાકોત્સવ**

પરમકૃપાળુ શ્રીજી મહારાજની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ આજ્ઞાથી ઉમેદગઢ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં આખો ધનુર્માસ હરિભક્તોએ વહેલી સવારે મહામંત્ર ધૂન કરી હતી. તા. ૧૭-૧-૧૮ ના ગામના સર્વે હરિભક્તોએ મળી ઠાકોરજી સમક્ષ સુંદર શાકોત્સવ ઉજવ્યો હતો. વિશ્વેશ્વર સ્વામી આદિ સંતોએ કથાવાર્તાનો લાભ આપેલ. ગ્રામજનોએ શાકોત્સવને માણી ધન્ય બન્યા હતા. (કાંતિભાઈ પટેલ - ઉમેદગઢ)

**શ્રી પ્રભા હનુમાનજી મંદિર જમીયતપુરા પાટોત્સવ - શાકોત્સવ એવમ્ કથા**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા સ.ગુ. મહંત શા. સ્વામી વિજયપ્રકાશદાસજી ગુરુ સ.ગુ. સ્વામી જગતપ્રકાશદાસજીની પ્રેરણા માર્ગદર્શનથી જમીયતપુરા શ્રી પ્રભા હનુમાનજી મહારાજનો વાર્ષિક પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો. જેના ઉપલક્ષમાં તા. ૩૧-૧૨-૧૭ થી ૨-૧-૧૮ પર્યન્ત શ્રી ભક્તચિંતામણી અંતર્ગત પરચા પ્રકરણ કથા શા. સ્વા. સત્યસ્વરૂપદાસજીના વક્તાપદે થઈ હતી.

આ પ્રસંગે પૂ. સ.ગુ. સ્વામી જગતપ્રકાશદાસજી (કાલુપુર), પૂ. સ.ગુ. મહંત શા.સ્વામી આત્મપ્રકાશદાસજી (જેતલપુર) અને સ.ગુ. શા.સ્વા. પ્રેમસ્વરૂપદાસજી (કલોલ) આદિ સંતોએ સુંદર આર્શીવચન પાઠવ્યા હતા. અનેક હરિભક્તોએ યજમાન બની સેવા કરી હતી. દાદાનો ષોડશોપચાર અભિષેક અને શાકોત્સવ ધામધૂમથી સંતોના વરદ્ હસ્તે થયા હતા. હજારો હરિભક્તોએ દાદાના દર્શન સંતોની અમૃતવાણી અને કથા શ્રવણ કરી શાકોત્સવને માણી ધન્ય બન્યા હતા. (વિષ્ણુ સ્વામી કાલુપુર મંદિર)

**લવારપુર શ્રી સ્વામિનારાયણ મંદિર શાકોત્સવ ઉજવાયો**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ મંદિર લવારપુર (ગાંધીનગર) માં તા. ૨૪-૧૨-૧૭ ને રવિવારના રોજ ભવ્ય શાકોત્સવ ઉજવાયો. જેમાં ગામ અને આજુબાજુના ગામોના ૧૫૦૦ જેટલા હરિભક્તોએ લાભ લીધો હતો.

આ પ્રસંગે ગાંધીનગર મંદિરથી સ.ગુ. શા. સ્વામી ચૈતન્યસ્વરૂપદાસજીએ પધારી કથાવાર્તાનો સુંદર લાભ આપ્યો હતો. સમગ્ર શાકોત્સવમાં ગ્રામજનો, ટ્રસ્ટીગણ તથા શ્રી નરનારાયણદેવ યુવક મંડળ અને મહિલા મંડળની સેવા પ્રસંશનીય હતી. (કોઠારીશ્રી - લવારપુર મંદિર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર સાબરમતી દ્વારા કોટેશ્વર ગુરુકુલમાં ભવ્ય શાકોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ આજ્ઞાથી સમસ્ત સત્સંગ સમાજ સાબરમતી દ્વારા તા. ૩૧-૧૨-૧૭ ને રવિવારના રોજ કોટેશ્વર શ્રી સહજાનંદ ગુરુકુળ ખાતે ભવ્ય શાકોત્સવ ઉજવાયો. સાબરમતીના ૧૨૦૦ જેટલા હરિભક્તોએ શાકોત્સવના દર્શન કરી પ્રસાદ લીધો હતો. આ પ્રસંગે પૂ. શા.સ્વામી ચૈતન્યસ્વરૂપદાસજી અને (ગાંધીનગર) શા. ગોપાલજીવન સ્વામીએ કથા વાર્તા દ્વારા હરિભક્તોને રાજી કર્યા હતા. સમગ્ર શાકોત્સવમાં મહિલા મંડળ, યુવક મંડળ અને કોટેશ્વર ગુરુકુળના વિદ્યાર્થીઓએ પ્રેરણારૂપ સેવા બજાવી હતી. (કોઠારીશ્રી, સાબરમતી મંદિર)

**મોટેરાથી કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિર શ્રીનરનારાયણદેવના દર્શનાર્થે પદયાત્રા**

પરબ્રહ્મ પરમાત્મા સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા સ.ગુ. પૂ. શા. પી.પી. સ્વામી (મહંતશ્રી ગાંધીનગર-નારણઘાટ)ની પ્રેરણા માર્ગદર્શનથી શ્રીહરિના ચરણોથી અંકિત મોટેરા ગામથી કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિર શ્રી નરનારાયણદેવને ધજા ચડાવવા માટે ભવ્ય પદયાત્રા તા. ૭-૧-૧૮ રવિવારના રોજ સવારે ૮ કલાકે પ્રારંભ થયો હતો. જેના યજમાન પ.ભ. શૈલેષભાઈ બળદેવભાઈ પટેલ પરિવાર રહ્યા હતા. પદયાત્રામાં ૪૦૦ હરિભક્તો જોડાયા હતા. સાથે પૂ.શા. રામ સ્વામી અને નાના બ્રહ્મચારી મુકુંદાનંદ સ્વામી પણ જોડાયા હતા. યજમાન તરફથી શ્રી નરનારાયણદેવને થાળ અને સંત-પાર્ષદો અને પદયાત્રીઓને

રસોઈ જમાડેલ, શ્રી નરનારાયણદેવ યુવક મંડળે જમાડવાની સુંદર સેવા કરી હતી. (શા.સ્વા.ચૈતન્યસ્વરૂપદાસજી)

**ગાડીયા ગામે (સંતરામપુર) સત્સંગ પ્રવૃતિ**

પરમકૃપાળુ શ્રીહરિની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી ઝાડી દેશના ગાડીયા ગામની સ્કુલના ૨૨૫ બાળકોનો કાલુપુર મંદિરના શા.સ્વા. વિશ્વસ્વરૂપદાસજીએ તેમની ઈચ્છાથી સંપ્રદાયના વર્તમાન ધરાવી કંઠી બાંધી મુમુક્ષુ કરી સત્સંગના નિયમો સમજાવ્યા હતા. તમામ બાળકોને સંપ્રદાયની પરંપરા અને શ્રી નરનારાયણદેવ ગાદીનો મહિમા સમજાવ્યો હતો. (પ્રવિણભાઈ પટેલ - ગાડીયા સ્કૂલ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ઈલોલ શાકોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ આજ્ઞાથી તથા મહંત શા. સ્વા. પ્રેમપ્રકાશદાસજી (હિંમતનગર)ની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર ઈલોલ ખાતે તા. ૭-૧-૧૮ ના રોજ ભવ્ય શાકોત્સવ ઉજવાયો. ગામના સૌ હરિભક્તોએ સુંદર સેવા કરી હતી. આ પ્રસંગે શા. સ્વામી પ્રેમપ્રકાશદાસજીએ નિયમ, નિશ્ચય અને પક્ષની વાતો કરી રાજી કર્યા હતા. સમગ્ર આયોજન કોઠારી કિરીટભાઈએ કર્યું હતું. (જય એમ. પટેલ)

**રાણીપુરા (પ્રાંતિજ દેશ)માં નૂતન મંદિરનું ખાત મુહૂર્ત**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ આજ્ઞાથી પ્રાંતિજ દેશના સાબરકાંઠા જીલ્લાના રાણીપુરા ગામે નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિરનું ખાત મુહૂર્ત પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે તા. ૧૬-૧૨-૧૭ ના રોજ વિધિવત રીતે થયું હતું. આ મંદિરનું નિર્માણ કાર્ય પ્રાંતિજ મંદિરના મહંત સ.ગુ. સ્વામી પ્રેમજીવનદાસજી અને શા. સ્વામી ગોપાલજીવનદાસજીની દેખરેખ હેઠળ થશે.

